RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 161, Dt.21-09-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સુરત નજીક ટ્રેન ઉથલાવવાનું કાવતરું નિષ્ફળ


## મોટી દુર્ઘટના ટળીઃ સુરતના કીમ નજીક અજાણ્યા શખ્સો દ્વારા ટ્રેક ઉપર ફિશ પ્લેટ ખોલી નાખવામાં આવી : રેલ્વે સ્ટાફની સતર્કતાથી મોટો અકસ્માત થતા રહી ગયો : અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરીયાદ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઉત્તર પ્રદેશની માફક હવે ગુજરાતમાં પણ ટ્રેનને પાટા પરથી ઉતારી દેવાના કાવતરાનો પર્દાફાશ થયો છે. જોકે રેલવે સ્ટાફની સતર્કતાને લીધે કોઈ મોટો અકસ્માત સજાયો નથી. મોટી દુર્ઘટના સર્જાતા પહેલાં ટળી ગઈ છે. સુરતમાં કીમ સ્ટેશન નજીક ટ્રેન ઉથલાવવાના ગંભીર પ્રયાસનો પર્દાફાશ થયો છે મળતી વિગતો પ્રમાણે વડોદરા ડિવિઝનમાં ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ઘટનાની જાણ થતાં જ રેલવે વિભાગમાં દોડધામ શરૂ થઈ ગઈ હતી.આ ઘટનામાં અજાણ્યા શખ્સે ટ્રેનના અપ ટ્રેકના ફિશ પ્લેટને ખોલીને અપ ટ્રેક પર મૂકી દીધી હતી. જો કે, આ બધાના પગલે રેલવે અધિકારીઓએ તરત જ નિર્ણય લીધો અને રેલ વ્યવહારને તાત્કાલિક બંધ કરી દીધા. રેલવે કર્મચારીઓએ ઘટનાની ગંભીરતાને સમજતા જ બીજી તરફ નવા ફિશ પ્લેટ લગાવીને રેલ સેવા ફરી શરૂ કરી હતી.

પશ્ચિમ રેલવે, વડોદરા ડિવીઝનને શનિવારે તેનો એક વિડીયો જાહેર કરીને જણાવ્યું હતું કે કેટલાક અજાણ્યા લોકોને કિમ રેલવે સ્ટેશન નજીક યુપી લાઈન ટ્રેક પરથી ફિશ પ્લેટ અને ચાવીઓ ખોલીને તેને ટ્રેક પર મૂકી દીધી હતી, ત્યારબાદ ટ્રેનની અવરપ્રજવર બંધ કરી દેવામાં આવી હતી. જોકે ઝડપથી જ લાઈન પર ટ્રેન સેવા શરૂ કરી દેવામાં આવી હતી. આ ઘટનામાં રેલવે વિભાગને વધુ તપાસ કરવી અનિવાર્ય છે. કારણ કે, આવી ઘટનાઓ દિવસેને દિવસે વધી ગઈ છે. તેઓએ ફરિયાદ નોંધીને અજાણ્યા શખ્સની શોધખોળ શરૂ કરી છે. આ પ્રકારના પ્રયત્નોનો સંકેત આપતી આવા ગુના આપણી સલામતી માટે એક ગંભીર પડકાર છે.નોંધનીય છે કે, લોકોની સુરક્ષા માટે રેલવે વિભાગ હવે વધુ સતર્ક રહેવા માટે પ્રયત્નશીલ છે. તેનાથી લોકોમાં અવિશ્વાસના બીજ ના ફેલાય તે માટે રેલવે વિભાગે જાહેર જનતાને સહયોગ આપવા વિનંતી કરી છે.

આ ઘટના જાગળતિ લાવવા અને રેલવેની સુરક્ષા દ્રષ્ટિએ વધુ મજબૂત પગલાં ભરવાની જરૂરિયાતને ઊભી કરે છે. ટ્રેન મુસાફરોની સલામતી આપણા સર્વોપરી છે અને રેલવે






વિભાગે આ બાબતમાં કોઈપણ પ્રકારની નાકામીઓ પર ગંભીરતાથી વિચાર કરવાની આવશ્યકતા છે. ઉલ્લેખનીય છે કે, સુરત (જીઆરપી)ના કીમ નજીકની આ ઘટના એક પડકારરૂપ સ્થિતિ છે. આવી ઘટનાઓ દેશમાં વધી રહીં છે. જેમાં અસમાજિક તત્વો દ્વારા ટ્રેનના પાટા પણ ફિશ પ્લેટ મુકીને ટ્રેનને ઉથલાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

તાજેતરમાં જ બે દિવસ પહેલાં ઉત્તર પ્રદેશના રામપુરમાં કેટલાક અસામાજિક તત્વોએ રેલવેના પાટા પર ટેલીફોનના તાર લગાવવામાં ઉપયોગ થનાર એક જૂના છ મીટર લાંબા લોખંડનો થાંભલો મુકી દેધો હતો. જોકે દેહરાદૂન એક્સપ્રેસ ટ્રેનના ચાલક દ્વારા ઈમરજન્સી બ્રેક લગાવવામાં આવતાં અકસ્માત ટળી ગયો હતો. રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટના રામપુરથી લગભગ ૪૩ કિલોમીટર દૂર રૂદ્રપુર સિટી રેલવે સ્ટેશન પાસે સર્જાઈ હતી. રૂદ્રપુર સિટી સેક્શનના રેલવે એન્જીનિયર રાજેન્દ્ર કુમારને ફરિયાદ પર રામપુરના રાજકીય રેલવે પોલીસ મથકમાં એક અજાણ્યા વ્યક્તિ વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# ઓબીસી પંચમાં એક જ સભ્ય રહેશેઃ સરકારના જવાબથી હાઈકોર્ટની નારાજગી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રાજયમાં કાયમી ધોરણે ઓબીસી કમીશનની રચના મુદ્દે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી જાહેરહિતની રિટમાં આજે ગુજરાત સરકારે સોગંદનામું રજૂ કરીને રજૂઆત કરી હતી કે સરકાર હાલ એક જ સભ્યથી ઓબીસી કમીશન ચલાવવા માંગે છે. જેને લઈ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજય સરકારના વલણ પ્રત્યે નારાજગી વ્યક્ત કરતા ટકોર કરી હતી કે, રાજયમાં એક સભ્યનું ઓબીસી કમીશન હોઈ શકે નહી.



બીજી બાજુ હાઈકોર્ટે ઓબીસી કમીશનને લઈ અન્ય રાજયોના કાયદા અને નિયમો સંદર્ભે જરૂરી સોગંદનામું રજૂ કરવા નિર્દેશ કર્યો હતો. સ્થાયી ઓબીસી કમીશનની માંગ કરતી જાહેર હિતની અરજીમાં આજે રાજયના ચીફ સેક્રેટરીએ સોગંદનામું રજૂ કરી જણાવ્યું હતું કે, રાજ્યમાં એક જ સભ્યનું ઓબીસી કમીશન જ હાલ કાર્યરત રહેશે. જેના ચેરમેન નિવૃત્ત હાઈકોર્ટ જજ છે. જો કે, અરજદારે વિરોધ કરતાં જણાવ્યું હતું કે, નેશનલ કમીશનમાં પાંચ સભ્યો હોય છે.

તેના આધારે જ રાજ્યમાં કમીશનની રચના થવી જોઈએ. જેથી હાઈકોર્ટે પણ સરકારપક્ષને ટકોર કરી હતી કે, રાજયમાં સ્થાયી રીતે એક સભ્યનું કમીશન હોઈ શકે નહી. ૧૯૯૩થી ચાલી આવતી આ પધ્ધતિને વધુ લંબાવી શકાય નહી. જો રાજ્યમાં ઓબીસી કમીશનની જરૂર જ ના હોય તો તેની જોગવાઈ કરવામાં આવી ન હોત.

દરમ્યાન હાઈકોર્ટે રાજય સરકારના જવાબમાં અરજદારપક્ષને અન્ય રાજયોમાં ઓબીસી કમીશનની રચનાનો અભ્યાસ અને તેના કાયદા અને નિયમો સંદર્ભે સોગંદનામું રજૂ કરવા નિર્દેશ કર્યો હતો.

# તિરૂપતિ દેવસ્થાનમાં પ્રસાદના લાડુ રૂ.૩૨૦માં શુધ્ધ ઘીમાં બનાવવા કઈ રીતે પોષાઈ? મુખ્ય સવાલ

## જોકે સપ્લાયર એઆર ડેરી ફૂડ પ્રા.લી.એ ઘીમાં ભેળસેળ નકારી : ગુજરાતની લેબના રીપોર્ટમાં ડેરીના સેમ્પલ ફેઈલ થયા છે તે દર્શાવ્યું નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતમાં સૌથી વધુ મોટા આસ્થાના કેન્દ્ર અને સૌથી ધનવાન ગણાતા તિરૂપતિ દેવસ્થાનના પ્રસાદીમાં લાડુમાં બિફ ટેલો અને લાર્ડનો ઉપયોગ થયાના લેબોરેટરી રીપોર્ટ બાદ સર્જાયેલા વિવાદમાં હવે પોલીટીકસ પણ પ્રવેશી ગયું છે. આંધ્રમાં સત્તા પલ્ટા બાદ હાલમાં મુખ્યમંત્રી બનેલા ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુએ અગાઉની જગન મોહન રેડ્ડીના સરકારના સમયમાં તિરૂપતિ ટેમ્પલ બોર્ડને પ્રસાદીના લાડુમાં ચોકકસ કંપનીની સપ્લાયનું ઘીનો ઉપયોગ કરવા ફરજ પાડી હતી.

આ ઘીમાં ગાયની ચરબી તથા અન્ય બિનશાકાહારી અને કરોડો ભકતોને શ્રધ્ધાને ઠેસ પહોંચે તે રીતે ખાદ્ય ચીજોનો ઉપયોગ થયો હતો તેવો ધડાકો કરીને જે વિવાદ સર્જયો છે તેમાં ટેમ્પલ બોર્ડે પણ હવે ચંદ્રાબાબુના આક્ષેપને સમર્થન આપ્યું છે. કેન્દ્ર સરકારે પણ આ અંગે રીપોર્ટ પણ માંગ્યો છે. દરમ્યાન તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાન બોર્ડએ જણાવ્યું હતું કે અગાઉની કંપનીએ અત્યંત નીચા ભાવે ઘી સપ્લાય કરવાની ઓફર કરી હતી. તે વાસ્તવમાં અગાઉની સરકાર માટે પ્રશ્ન બની જવો જોઈતો હતો. બોર્ડના ટોચના એકઝીકયુટીવ જે.શ્યામલા રાવએ કહ્યું કે જે ચાર ઘીના સેમ્પલ એનડીડીબીની લેબને ચકાસણી માટે તા.૬ જુલાઈ અને ૧૨ જુલાઈના રોજ મોકલાવમાં આવ્યા હતા તે તમામ ચાર સેમ્પલનું ઘી એઆર ડેરી ફૂડ લીમીટેડ તરફથી સપ્લાય થયું હતું. અગાઉની જગનમોહન રેડ્ડી સરકારે માર્ચ માસમાં ઘી સપ્લાય માટેનું ટેન્ડર બહાર પાડયું હતું.તેમાં કર્ણાટક મિલ્ક ફેડરેશન જેનું નંદી બ્રાન્ડનું ઘી અત્યાર સુધી મંદિરમાં પ્રસાદ માટે સપ્લાય થતું હતું તેનો કોન્ટ્રાન્ટ રીન્યુ ન કરાયો અને ઈ-ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. અને તેમાં એઆર ડેરી ફૂડ પ્રોડકટ પ્રા.લી.ને તા. ૧૫ મેના રોજ કોન્ટ્રાકટ અપાયો હતો અને બાદમાં તા.૬ જુલાઈ અને ૧૨ જુલાઈના ઘીના જે બે ટેન્ડર આવ્યા તેની ગુણવતા અંગે પ્રશ્ન ઉઠતા જ તુર્ત જ આ સપ્લાય રોકી દેવામાં આવી હતી. અમારી પાસે કોઈ ટેસ્ટ લેબ નહીં હોવાથી સેમ્પલ ગુજરાતની એનડીડીબી લેબને



મોકલાયા હતા અને તેમાં પશુઓની ચરબી સહિતના સ્વીકાર્ય નહીં તેવા ઘટકો હોવાનું બહાર આવ્યું છે.

મંદિરને જે ઘી સપ્લાય થતું હતુ તે પ્રતિ કિલો રૂા. ૩૨૦ના ભાવે અપાયું જે ભાવે શુધ્ધ ઘી કદી પોષાય નહીં અને રાજય સરકારે તે ચિંતા કર્યા વગર જ ટેન્ડર સ્વીકારી લીધુ અને નવી સરકાર આવતા જ પ્રસાદીના લાડુની ગુણવતા અંગે પ્રશ્ન આવતા જ તેમાં તપાસના આદેશ અપાયા હતા અને તે સમયે ઘી સપ્લાય કરનારને પણ ચેતવણી આપવવામાં આવી હતી.

# લેબનાનમાં પેજર વિસ્ફોટ સાથે કેરળના વાયનાડનું કનેકશન નીકળ્યું !

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈઝરાયલે લેબનાનમાં આતંકી સંગઠન હિઝબુલ્લાના લડાકુમાં પેજર, વોકીટોકી અને સોલાર પેનલ સહિતના વિસ્ફોટથી જબરી દહેશત ફેલાવી દીધી છે અને અત્યાર સુધીમાં તેમાં ૨૦ લોકોના મોત થયા છે અને સેંકડો ઘાયલ થયા છે અને હવે શેમાં વિસ્ફોટ થશે તે અંગે હિઝબુલ્લાના આંતકીઓ ફફડે છે તે વચ્ચે આ બ્લાસ્ટનું પગેરૂ છેક ભારતમાં અને તે પણ કેરળના વાયનાડમાં નીકળ્યું છે.

એવો આક્ષેપ છે કે ઈઝરાયલને પેજર બનાવવાવાળી કંપની વચ્ચે સાંઠગાંઠથી જ આ વિસ્ફોટક સામગ્રી પેજર અને ઈલેકટ્રોનિક આઈટમોમાં ઘુસાડી દેવાઈ હતી. હિઝબુલ્લાએ તેના મોબાઈલ વાતચીત આંતરી શકાય છે. તેઓ ભય લાગતા જ પેજરનો ઉપયોગ શરૂ કર્યો હતો અને તેને પણ છોડવું પડયું છે. તે દરમ્યાન આ પેજર યુરોપમાં બુલ્ગારીયાની એક કંપની નોર્ટા ગ્લોબલ લીમીટેડ સામેલ હોવાનું બહાર આવ્યું છે.

આ કંપનીના સ્થાપક નોર્વે રીનેસન જોસ છે અને મુળ ભારતીય અને કેરળના વાયનાડના રહેવાસી છે અને તેનો જન્મ વાયનાડના મન્નતાવડીમાં થયો હતો અને એમબીએ પુરૂ કર્યા બાદ નોર્વે ગયા હતા અને ત્યાં વસી ગયા છે. ઈઝરાયલે આ પેજર બનાવવા માટે અનેક બનાવટી કંપનીઓનું જાળુ રચીને અંતે નોર્વેની આ કંપનીને ઓર્ડર આપ્યો હતો.

તાઈવાનની ગોલ્ડ એપોલો કંપનીના ટેક્નોલોજી મેળવીને નોર્વેની કંપનીએ પેજર બનાવ્યા હતા અને તેના આધારે આ ડિલ થઈ હોવાનું માનવામાં આવે છે. હિઝબુલ્લાને ખ્યાલ ન આવે તે માટે ઈઝરાયલે સેલ કંપનીઓની ભરમાળ રચી હતી જેથી તે મુળ ઈઝરાયલી કનેકશન ધરાવે છે તે ભાગ્યે જ ખ્યાલ આવ્યો હતો આમ ભારતીય મુળના ભેજાએ ઈઝરાયલને આ પ્રકારે વિસ્ફોટકો બનાવવામાં સહાયતા કરી હોવાનું બહાર આવી છે. જોકે તેને હજુ કોઈ



સત્તાવાર સમર્થન મળ્યું નથી પણ માનવામાં આવે છે અગાઉ એ નિશ્ચિત થયું હતું કે નોર્ટા ગ્લોબલ લીમીટેડે ટેક ફોર્મ છે અને બુલ્ગેરીયાના સોફીયામાં આવેલી છે અને તે આ ભારતીય મુળના વ્યકિતની માલીકીની છે અને તેણે જ ઈઝરાયલ સાથે આ રીતે પેજરનો ઓર્ડર મેળવ્યો હતો. હવે આ અંગે જોકે તપાસ થવા સામે પ્રશ્ન છે.

# વિદાય પૂર્વે ચોમાસાનો યુ-ટર્નઃ સોમવારથી મેઘસવારી

## રાજસ્થાન ઉપરાંત ગુજરાતમાં વરસાદની શકયતાઃ ભારે નહીં, મધ્યમ વરસાદ થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતમાંથી વિદાયના માર્ગે રહેલા નૈઋત્ય ચોમાસાએ યુ-ટર્ન લીધો છે અને આગામી ૨૩ મી સપ્ટેમ્બરથી ફરી સક્રિય થવાની આગાહી હવામાન વિભાગે કરી છે. જોકે, આ દરમ્યાન કોઈ ભારે વરસાદ નહીં થાય પરંતુ છુટોછવાયો હળવો-મધ્યમ વરસાદ થઈ શકે છે.

ગુજરાત-રાજસ્થાન સહીતના રાજયોમાં છેલ્લા બે-ત્રણ સપ્તાહથી વરસાદનું જોર ધીમુ થઈ ગયુ છે અને ચોમાસાની વિદાય શરૂ થવાના સંકેતો હતા તેવા સમયે હવામાન વિભાગે એવુ જાહેર કર્યું છે કે નબળુ પડેલુ ચોમાસું ફરી સક્રિય થઈ રહ્યું છે.

સોમવાર તા.૨૩ સપ્ટેમ્બરથી ફરી વખત ચોમાસુ સક્રિય થશે રાજસ્થાનનાં અનેક ભાગોમાં હળવો-મધ્યમ વરસાદ થઈ શકે છે. ગુજરાતના કચ્છ સહીતનાં ભાગોમાં પણ મેઘસવારી રહેશે.

હવામાન વિભાગના સુત્રોએ કહ્યુ કે, ચોમાસાની વિદાય વેળાની સક્રિયતાથી વરસાદ વરસશે તેમાં ભારે કે



અતિભારે વરસાદ નહી હોય.રાજસ્થાનમાં એક ડઝન જીલ્લામાં વરસાદની સંભાવના દર્શાવવામાં આવી છે. મોન્સુન ટ્રફ રાજસ્થાનનાં બિકાનેર પરથી પસાર થઈ રહ્યો છે. અપર એર સાયકલોનિક સરકયુલેશન ઉત્તર પૂર્વ રાજસ્થાનના માર્ગે છે.

# દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે આતિશી આજે શપથ ગ્રહણ કરશે

## ચાર જુના મંત્રી તથા નવા ચહેરા સહિત પાંચ પ્રધાનો પણ શપથ ગ્રહણ કરશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આતિશી દિલ્હીના ૯મા અને સૌથી યુવા મુખ્યમંત્રી અને સુષ્મા સ્વરાજ અને શીલા દીક્ષિત પછી ત્રીજા મહિલા મુખ્યમંત્રી હશે. આતિશી શનિવારે સાંજે ૪:૩૦ વાગ્યે રાજભવનમાં સીએમ તરીકે શપથ લેશે. એલજી વિનય કુમાર સક્સેના તેમને શપથ લેવડાવશે.

૪૩ વર્ષની આતિશી કાલકાજી સીટથી ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂકી છે. દિલ્હીના સૌથી યુવા સીએમ બનવાનો રેકોર્ડ પણ તેમના નામે રહેશે. આ પહેલા આ રેકોર્ડ કેજરીવાલ પાસે હતો. કેજરીવાલ ૨૦૧૩માં પહેલીવાર મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમની ઉંમર ૪૫ વર્ષની હતી.

અઅઙ ધારાસભ્ય દળે ૧૭ સપ્ટેમ્બરે કેજરીવાલના રાજીનામા બાદ મુખ્યમંત્રી તરીકે આતિશીનું નામ ફાઈનલ કર્યું હતું. ૨૦ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રપતિ મુર્મુએ કેજરીવાલનું રાજીનામું સ્વીકાર્યુ અને આતિશીને સીએમ તરીકે નિયુક્ત કરવાની મંજૂરી આપી.

આતિશીની સાથે અઅઙના ૫ ધારાસભ્યો - ગોપાલ રાય, સૌરભ ભારદ્વાજ, કૈલાશ ગેહલોત,



ઈમરાન હુસૈન અને મુકેશ અહલાવત પણ મંત્રી તરીકે શપથ લેશે. આતિશીની કેબિનેટમાં મુકેશ અહલાવત એકમાત્ર નવો ચહેરો હશે. બાકીના ૪ નેતાઓ પણ કેજરીવાલ કેબિનેટમાં મંત્રી હતા.

અઅઙ ધારાસભ્ય રાજકુમાર આનંદની જગ્યાએ અહલાવતને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. આનંદ લોકસભા ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા. તેઓ કેજરીવાલ કેબિનેટમાં સમાજ કલ્યાણ મંત્રી હતા. કેજરીવાલ અને સિસોદિયા પણ શપથ સમારોહમાં હાજરી આપશે.


# શાસનમાં બેસેલ વ્યકિતએ ટીકા સહન કરવાની તૈયારી રાખવી જોઈએ : ગડકરી

## કેન્દ્રીય મંત્રીએ કહ્યું આપણા દેશમાં મતભેદની કોઈ સમસ્યા નથી પરંતુ આપણી સમસ્યાએ છે કે કોઈ અભિપ્રાય વ્યકત કરતા નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશભરમાં વિવિધ મંચ પરથી પોતાના બિન્દાસ વિચારો વ્યક્ત કરવા માટે જાણીતા બનેલા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ફરી એક વખત દેશમાં વર્તમાન સમયમાં ચાલી રહેલા વાતાવરણ ઉપર પોતાના મંતવ્ય બેધડક વ્યકત કર્યા હતા. ગડકરીએ કહ્યું કે સાહિત્યકારો, બૌધ્ધિકો અને કવિઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેના પોતાના વિચારો ખુલ્લેઆમ અને મજબુત રીતે વ્યકત કરે.

તેઓએ બીજા જ શબ્દમાં એમ જણાવ્યું કે લોકશાહીની સૌથી મોટી કસોટી એ છે કે શાસનમાં બેસેલ વ્યક્તિ તેના વિરૂધ્ધ વ્યકત થતા સૌથી આકરી ટીકા કે અભિપ્રાયને પણ સહન કરે અને તેમાં આત્મનિરીક્ષણ કરે. ગડકરી પુના ખાતે એમઆઈટી વર્લ્ડ પીસ યુનિવર્સિટીમાં સંબોધન કરી રહ્યા હતા અને તેમણે કહ્યુ કે આજે આપણા દેશમાં મતભેદની કોઈ સમસ્યા નથી પરંતુ આપણી સમસ્યાએ છે કે કોઈ અભિપ્રાય વ્યકત કરતા નથી આપણે સૌ અવસરવાદી બની ગયા છે.હાલમાં જ ગડકરીએ તેઓ જે સરકારનું પ્રતિનિધિ કરે છે તેમાં ભ્રષ્ટાચાર અંગે નિરીક્ષણ વ્યકત કર્યા હતા અને કોઈપણ ફાઈલમાં જેટલું વજન મુકો તેટલી તે ઝડપથી આગળ ચાલે છે. તેમણે એ પણ ઉમેર્યુ કે આજકાજ રાજકારણમાં જે થઈ રહ્યુ તે અન્ય સ્થળે પણ થયું હતું. કોઈએ પોતાનું અસ્તિત્વ ગુમાવી દીધુ છે. જો કોઈ વિચાર રાજા (શાસક) વિરૂધ્ધ હોય તો તેને સહન કરે અને આત્મનિરીક્ષણ કરે તે જ



વાસ્તવમાં લોકશાહી છે. તેમણે પારદર્શકતા ઉપર પણ ભાર મૂકે અને કહ્યું કે નિર્ણયો લેવા માટે સમયમર્યાદા નિશ્ચિત થવી જોઈએ. જો કોઈ જાણકાર વ્યકિત કાયદા પાછળની ભાવના ન સમજે તો તેનો ફાયદો શું છે. ગડકરીના વિધાનો અંગે જબરી ચર્ચા છે અને ખાસ કરીને આકરી ટીકા સહન કરવા અંગે તેમના વિચારો કોને નિશાન બનાવ્યા છે તે પણ ચર્ચા થવા લાગી છે. ભાજપના વરિષ્ઠ નેતાએ કાનુનમાં જે લખાયુ છે તેની પાછળની જે ભાવના છે તેનો અંતર છે અને તે સમજવું જોઈએ. કયારેક એવું બને છે કે માર્ગ પરના ખાડા ભરવામાં પણ બોસના આદેશની જરૂર પડે છે.

# ગીરગઢડાના શાણાવાંકિયા ગામે સહકારી મંડળીમાં કરોડોની છેતરપિંડી બાબતે સસ્પેન્ડ અધિકારીઓને પુનઃફરજ ઉપર લેવા માંગ

**મુખ્ય સમાચાર,ગીરગઢડા**

ગીરગઢડા તાલુકાના શાણા વાંકિયા ગામે સહકારી મંડળીમાં કરોડો રૂપિયાની ખેડૂત ખાતેદારો સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. જે બાબતને લઈને જુનાગઢ જિલ્લા સહકારી બેંક દ્વારા ફરજ પરના ચાર કર્મચારીને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેને લઈને આજે ઉના જુનાગઢ જિલ્લા સહકારી બેંક ખાતે ઉના અને ગીરગઢડા સહકારી મંડળીઓના મંત્રીઓએ એકઠા થઈ આ સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓને ફરજ ઉપર લેવા માટે આવેદન આપ્યું હતું.

આ અંગે રજૂઆતમાં જણાવ્યા મુજબ ઉના ગીરગઢડા બેંકના અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જે ખરેખર વ્યાજબી નથી. જે ઉના શાખામાં ૧૭૫થી ૨૦૦ કરોડનું ધિરાણ હોય અને ૫થી ૬ હજાર ખેડૂતોનું સમયસર ધિરાણ કરવાનું હોય છે. જેના ભાગરૂપે આ અધિકારીઓ પ્રેક્ટિકલ તેમજ નિષ્ઠાપૂર્વક કામ કરે છે અને કોઈ મંત્રીઓ પાસે કે ખેડૂતો પાસે કોઈ પ્રકારની લાલચ રાખી નથી. કોઈપણ જાતની અપેક્ષા કે માંગણી પણ કરેલ નથી.

આમ અમુક લોકો દ્વારા જુનાગઢ જિલ્લા સહકારી બેંકને એન કેન પ્રકારે બદનામ કરવાનું ષડ્યંત્ર પણ હોય શકે. જેના અનુસંધાને જૂનાગઢ જિલ્લા સહકારી બેંકને વિચાર કરે અને હાલ સુધી બેંક મંડળી અને ખેડૂતોનું હિત ધ્યાને રાખી બેંકના અધિકારીઓએ



જે પ્રામાણિક અને નિષ્ઠાપૂર્વક કામ કરેલ છે તો બેન્કે આ નિર્ણય લીધો છે તે આવનાર સમયમાં બેંક મંડળી અને ખેડૂતો પ્રત્યેનો વિશ્વાસ જતો રહેશે. બેન્કે અધિકારીઓ વિરુદ્ધ જે નિર્ણય લીધો છે. જે પુનઃવિચારના કરી સત્વરે યોગ્ય અને પ્રામાણિક નિર્ણય લેવા અરજ છે. આ બાબતને ધ્યાનમાં રાખી આવા અધિકારીઓને પુનઃ ફરજ ઉપર લઈ લેવા ઉના ગિરગઢડા તાલુકાના મંત્રીઓની માંગણી કરી હતી.

# વેરાવળમાં રહેણાક મકાનમાંથી ૩૬ કિલો ગૌમાંસ જપ્ત

## પોલીસે બાતમીના આધારે દરોડા પાડતા ગૌમાંસ ભરેલી પ્લાસ્ટીકની ૧૨ થેલીઓ સાથે બે શખસને ઝડપી પાડ્યા

**મુખ્ય સમાચાર, વેરાવળ**

વેરાવળના આરબ ચોક વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં બાતમીના આધારે પોલીસે દરોડા પાડતા પ્લાસ્ટીકની ૧૨ થેલીમાં ભરેલ ૩૬ કીલો ગૌમાંસ મળી આવતા સ્ટાફ ચોકી ઉઠ્યો હતો. આ મામલે ગૌમાંસ આપનાર અને વેચનાર બંન્ને શખ્સોને ઝડપી લઈ પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગૌમાસની હેરાફેરી કે વેચાણને ડામી દેવા મળેલ સુચના મુજબ સીટી પોલીસનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગ કરી રહ્યો હતો. દરમ્યાન સ્ટાફના સુનિલ સોલંકી, અશોક મોરી, હરેશ ચુડાસમાને મળેલ બાતમીના આધારે પીએસઆઈ દેવરેએ સ્ટાફ સાથે અત્રેના આરબચોક વિસ્તારમાં અમર સાદીક શેરીમાં રહેતા સાજીદ અ.રહેમાન પંજાના રહેણાંક મકાન ઉપર દરોડા પાડેલ હતો. ત્યારે ઘરમાંથી એક ચણના કોથળામાં ત્રણ-ત્રણ કિલ્લોની ૧૨ પ્લાસ્ટીકની કોથળીઓ મળી આવેલ જેમાં એકસરખુ ત્રણ કિ.ગ્રામ જેટલુ મળી અંદાજે ૩૬



કિલો જેટલું ગૌમાંસના મુદ્દામાલ સાથે આરોપી સાજીદ ઉર્ફે બીજેપી અબ્દુલ રહેમાન પંજાને ઝડપી લઈ પૂછપરછ હાથ ધરતા પંદર દિવસ પહેલાં પોતાના મિત્ર અસ્પાક ઉર્ફે ગાદલો હનીફ પંજા રહે.અલીભાઈ કોલોનીવાળા પાસેથી લીધેલ હતુ. જેથી બંન્ને આરોપીઓની અટકાયત કરી તેઓની સામે પશુ સંરક્ષણની કલમો હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી ધરી છે.

# જામનગરના બર્ધન ચોકમાંથી ૧૦ રેંકડી, પથારાવાળાનો માલસામાન જપ્ત



જામનગરના માંડવી ટાવર, બર્ધનચોક વિસ્તારમાં ફરી એક વખત મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સમયે કેટલીક રેંકડી અને પથારાવાળાનો માલસામાન પણ કબજે લેવાયો હતો. જામનગરના બર્ધનચોક વિસ્તારમાં ફરી એક વખત નો-હોકિંગ ઝોનના આદેશની અમલવારી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાના અધિકારી એન.આર. દિક્ષિત, સુનિલ ભાનુશાળીની આગેવાનીમાં એસ્ટેટ વિભાગની ટીમ વાહનો સાથે પહોંચી હતી, અને જાહેર રોડ ઉપર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે ધંધો-વ્યવસાય કરતા ૨૦ પથારાવાળાનો માલસામાન જપ્ત કર્યો હતો તથા ૧૦ રેંકડીઓ કબજે કરી હતી તથા સમગ્ર વિસ્તારમાંથી ધંધાર્થીઓને દૂર ખસેડી વિસ્તારને દબાણ મુક્ત કરાયો હતો. આ સમયે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

# જામનગરમાં અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ



જામનગર, રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા રમત ગમત અધિકારી, જામનગર શહેર દ્વારા સંચાલીત અખીલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા - ૨૦૨૪-૨૫ની મહાનગરપાલીકાકક્ષાની અંડરઃ ૧૪,૧૭ અને ૧૯ વયજૂથની ભાઈઓ અને બહેનોની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ જામનગર ખાતે યોજાયેલ બાસ્કેટબોલ સ્પર્ધામાં ૪૫ ટીમોએ ભાગ લીધો હતો. તા.૧૭ સપ્ટેમ્બરના રોજ એસવીએમ, આણદાબાવા સંસ્થા ખાતે સંસ્થાના સહયોગથી યોજાયેલ આર્ચરી સ્પર્ધામાં ૧૩૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. અને તા.૧૮ સપ્ટેમ્બરના રોજ કેદારલાલ શૂટિંગ એકેડમી ખાતે યોજાયેલ શૂટિંગ સ્પર્ધામાં ૧૪૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. વિજેતા ટીમ અખીલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા ૨૦૨૪-૨૫ રાજ્યકક્ષાએ યોજાનાર સ્પર્ધામાં ભાગ લેશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારી બી. જે. રાવલિયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર જિલ્લા માહિતી કચેરીના કર્મચારીઓ દ્વારા કચેરીમાં સફાઈ અભિયાન હાથ ધરાયું




જામનગર સ્વચ્છતા હી સેવા અભિયાન- ૨૦૨૪ અંતર્ગત જામનગર જિલ્લા માહિતી કચેરીના કર્મચારીઓ દ્વારા કચેરીમાં સફાઈ હાથ ધરવામાં આવી હતી. જેમાં રેકર્ડ રૂમ, બારીઓ, ટ્યુબલાઈટ, પંખા, લોબી વગેરેની સફાઈ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭મી સપ્ટેમ્બરથી નસ્વચ્છતા હી સેવા-૨૦૨૪' અભિયાનનો સમગ્ર દેશમાં પ્રારંભ થયો છે. આ અભિયાન ૩૧મી ઓક્ટોબર સુધી ચાલશે. સ્વચ્છતા હી સેવા અભિયાનનો જામનગર જિલ્લામાં પણ પ્રારંભ થઈ ચૂક્યો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# જામનગર શહેરમાં ઈપીએફ પ્રશ્ને મઝદૂર સંઘે આવેદન આપ્યું




જામનગરમાં ઈપીએફ પ્રશ્ને ભારતીય મઝદૂર સંઘના હોદેદારો અને સભ્યોએ સૂત્રોચ્ચાર સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું. પેન્શન ઈપીએફ-૯૫ના અનુસંધાને ભારતીય મજદૂર સંઘ દ્વારા વડાપ્રધાનને પી.એફ. કમિશ્નર મારફત આવેદનપત્ર આપવાનો નિર્ણય કરાયો હતો. જેના અનુસંધાને જામનગરમાં ભારતીય મઝદૂર સંઘના હોદેદારો અને સભ્યોએ સૂત્રોચ્ચાર સાથે આવેદન પત્ર પાઠવ્યું હતું. જેમાં ભારતીય મજદૂર સંઘના લીગલ એડવાઈઝર પંકજભાઈ રાયચુરા, જિલ્લા મંત્રી મનીષભાઈ ગોહિલ, એસ.ટીના પ્રતિનિધિઓ, જીઆઈએસએફના દશરથસિંહ અને પ્રતિનિધિઓ અને અન્ય યુનિટોમાંથી આવેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# રેલ્વેમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી છેતરપિંડી કર્યાના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના વાંકાનેરમાં રહેતા અરજદારની દીકરી તથા જમાઈને રેલ્વેમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી બદલામાં રોકડ રકમ મેળવી છેતરપિંડી કરનાર વિરુદ્ધ રાજકોટ રેલ્વે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે જે કેસ મોરબી કોર્ટમાં ચાલી જતા આરોપી તરફે રોકાયેલ મોરબીના સિનિયર ધારાશાસ્ત્રી હરદેવસિંહ જાડેજાની કાયદાકીય દલીલોને ગ્રાહ્ય રાખી છેતરપિંડીના કેસના આરોપીને નિર્દોષ છોડી મુકવા મોરબી કોર્ટે આદેશ કર્યો છે. કેસની ટુક વિગત મુજબ આરોપી ધીરજલાલ રામશંકર મહેતા એ વર્ષ ૨૦૦૧માં વાંકાનેર રેલ્વે કોલોનીના લોકો કવાર્ટસ ૧૩/ટી માં રહેતા અરજદારને તેમની દીકરી તથા જમાઈને રેલ્વેમાં ટીકીટ કલેકટરની નોકરી અપાવવાની લાલચ આપી રૂપિયા ૩૭,૫૦૦/-ની રોકડ રકમ મેળવી છેતરપીડી કરી હતી.ત્યારે અરજદારની ફરિયાદને આધારે આરોપી વિરૂધ્ધ રાજકોટ રેલ્વે પોલીસ મથકમાં ગુનો દાખલ કરી તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસના અંતે પુરતા પુરાવા જણાતા મોરબી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ હતી. ત્યારે આ કેસમાં આરોપીના વકીલ હરદેવસિંહ એચ. જાડેજા રોકાયેલ અને તેઓએ પુરાવાના આધારે તેમજ ધારદાર દલીલ કરતા મોરબી ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ દ્વારા આરોપી ધીરજલાલ રામશંકર મહેતા ઉવ. ૬૧ રહે.શીવ શકિત કોમ્પલેક્સ દહીસર ઈસ્ટ (મુંબઈ)વાળાને છેતરપિંડીના ગુનામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કરવામાં આવેલ હતો.

# મોરબી બી ડિવિઝન પોલીસની કાર્યવાહી,જામનગરની દરગાહમાં ચોરી કરનાર કુખ્યાત બેલડીને પકડી લેવાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**


જામનગરમાં આવેલ પ્રસીધ્ધ વ્હોરાના હજીરામા આવેલ દરગાહ અંદર રાખવામાં આવેલી દાનપેટી તોડી તેમાં રહેલ રોકડ રકમની ચોરી કરનાર બંને આરોપીઓને મોરબી બી ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે બંને આરોપીઓ પાસેથી એક બુલેટ તથા રોકડ રકમ ૧.૦૫ લાખ સહિત ૧.૮૦લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ સાથે બંને આરોપીઓની સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન ટીમને બાતમી મળેલ કે જામનગરના સુભાસબ્રીજની બાજુમા આવેલ પ્રસીધ્ધ વ્હોરા સમાજની દરગાહમા થયેલ ચોરીના બન્ને આરોપીઓ બુલેટ મોટર સાયકલ સાથે મોરબીમા ચોરી કરવાના મનસૂબા સાથે માળીયા બાજુથી નવલખી ફાટક બાજુથી આવે છે. જેથી સીટી બી ડિવિઝન સર્વેલન્સ ટીમ નવલખી ફાટક પાસે વોચ તપાસમા હતા. તે દરમિયાન નવલખી ફાટક પાસેથી બન્ને આરોપીઓ બુલેટ રજી.નં. જીજે-૦૩-એનઆર-૯૨૦૦ સાથે ત્યાંથી પસાર થતા તેને રોકી સઘન પૂછતાછમાં આરોપી બંને ચોર-બેલડીએ આચરેલ ગુનાની કબુલાત આપી હતી. ત્યારે પોલીસે બંને રીઢા ચોર આરોપી સીકંદર ઉર્ફે સીકલો સીદીકભાઈ પઢીયાર ઉવ.૪૦ હાલરહે-ભગવતીપરા રાજકોટ મુળરહે.જેતલસર ગામ તા.જેતપુર



તથા વિવેક બીરેંદ્રસિંઘ ચૌહાણ ઉવ.૩૬ રહે-રાજકોટ કરણપરા શેરી નં.૦૭ શુભ એપાર્ટમેન્ટ મુળગામ-પીપરહરી જી.કાનપુર ઉત્તરપ્રદેશવાળાની અટક કરી તેની પાસેથી રોકડા રૂ.૧.૦૫ તથા બુલેટ મોટરસાયકલ સહિત ૧.૮૦લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આગળની તપાસ ચલાવી છે.

# લાખોટા તળાવમાંથી મળી આવ્યો વૃદ્ધનો મૃતદેહ



જામનગરના રણમલ તળાવના પાછળના ભાગમાંથી પાંસઠેક વર્ષની વયના લાગતા અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો છે. તેને બહાર કાઢી ફાયરબ્રિગેડની ટીમે પોલીસને સોંપ્યો છે.જામનગરના રણમલ તળાવના પાછળના ભાગમાં આવેલા મિગ કોલોની નજીકના તળાવના ભાગમાં એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ પડ્યો હોવાની કોઈએ પોલીસ તથા ફાયરબ્રિગેડને જાણ કરતા બંને ટીમ દોડી ગઈ હતી. ફાયરના જવાનોએ પાણીમાં ઝંપલાવી તે મૃતદેહને બહાર કાઢી પોલીસને સોંપી આપ્યો છે. પોલીસે મૃતદેહને પી.એમ. માટે ખસેડી મૃતકની ઓળખ મેળવવા માટે તજવીજ શરૂ કરી છે.

# હોટલમાં જમવાનું મોડું મળતા થયેલી બબાલમાં યુવાનને છ શખ્સે લમધાર્યો

જામનગરના લાલપુર બાયપાસ પાસે આવેલી એક હોટલમાં જમવા ગયેલા બે યુવાને જમવામાં વાર લાગતા કાઉન્ટર પર બેસેલા વ્યક્તિને કહ્યું હતું. તે પછી થયેલી બોલાચાલીનો ખાર રાખી છ શખ્સે ઈવા પાર્કમાં જઈ એક યુવાનને મોટરમાં બેસાડી દઈ અન્યત્ર સ્થળે લઈ જઈ માર માર્યાની અને પોલીસમાં ફરિયાદ કરવા સામે ધમકી આપ્યાની ફરિયાદ કરવામાં આવી છે.જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા ઈવા પાર્કમાં અટલ બિહારી બાજપાઈ ભવનમાં વસવાટ કરતા દુર્ગેશભાઈ નાથાભાઈ ગમારા તથા તેમના મિત્ર પ્રતાપસિંહ ગયા લાલપુર બાયપાસથી ઠેબા બાયપાસ વચ્ચે આવેલી દ્વારકાધીશ હોટલમાં રાત્રે જમવા માટે ગયા હતા. આ વેળાએ હોટલમાં ભીડ હોવાથી જમવાનું મોડુ આપવામાં આવ્યું હતું. તે બાબતે પ્રતાપસિંહ ચુડાસમાએ કાઉન્ટર પર હાજર પાલાભાઈ પાંચાભાઈને કહેતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બાબત વાત પાલાભાઈએ પોતાના પાર્ટનરને વધારીને કરતા સંજય ચિરોડીયા, સુરેર નાથાભાઈ ભુંડીયા, કરશન નાથાભાઈ ભુંડીયા, પાલાભાઈ ઝાપડા તથા બે અજાણ્યા શખ્સ ઈવા પાર્કમાં આવ્યા હતા.આ શખ્સોએ પ્રતાપસિંહનું ઘર બતાવવા દુર્ગેશભાઈને કહેતા સવારે તેની વાત કરી લઈશું તેમ કહેવાતા ઉશ્કેરાયેલા આ શખ્સોએ ધોકા-પાઈપથી હુમલો કરી દુર્ગેશભાઈને માર માર્યો હતો અને બળજબરીથી મોટરમાં બેસાડી દઈ મોમાઈ હોટલ નજીક લઈ જઈ ત્યાં પણ માર માર્યો હતો. તે ઉપરાંત આ શખ્સોએ પોલીસમાં ફરિયાદ કરશો તો ખોટા કેસમાં ફીટ કરાવી દઈશું તેવી ધમકી પણ આપી હતી. દુર્ગેશભાઈએ સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તેની ફરિયાદ કરી છે. પોલીસે છએય શખ્સ સામે બીએનએસ કલમ ૧૪૦ (૩), ૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧ (૩), ૧૯૧ (૨) (૩), ૧૯૦ તથા જીપી એક્ટની કલમ ૧૩૫ (૧) હેઠળ ગુન્હો નોંધી તપાસ આરંભી છે

# નેશનલ લોક અદાલત અંતર્ગત પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ ઉપલેટા ખાતે સફળ લોક અદાલત યોજાઈ

■ આશરે ૨૫૬ કેસોનો નિકાલ, પ્રિ લીટીગેશનના ૪૫ કેસોનું સુખદ સમાધાન

**મુખ્ય સમાચાર, ઉપલેટા**
**વિજય રાડીયા**
**ભાયાવદર**





ઉપલેટામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટ, રાજકોટના માર્ગદર્શન હેઠળ ઉપલેટા મુકા નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કોર્ટ દ્વારા આપવામાં આવેલ માહિતીઓ અનુસાર ઉપલેટા પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, તથા ભાયાવદર પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, તથા ઉપલેટા એડીશ્નલ સીવીલ કોર્ટમાં સ્પેશ્યલ સીટીંગ તથા કબુલાતને પાત્ર કેસો તથા પ્રી-લીટીગેશનના કેસો રાખવામાં આવેલ હતાં જેમાં જાહેર જનતાએ બહોળી માત્રામાં સ્વેચ્છાએ ઉપસ્થિત રહી સ્વેચ્છાએ સમાધાન કરી, દંડની રકમ ભરી મોટી માત્રામાં આશરે ૨૫૬ કેસોનો નિકાલ કરવામાં સહકાર આપેલ હોય તથા પ્રિ-લીટીગેશનના ૪૫ કેસોનો સુખદ સમાધાનથી નિકાલ થયેલ હોય આ લોકઅદાલતને સફળ બનાવવામાં ઉપલેટાના તાલુકાની જાહેર જનતા તથા તાલુકા લીગલ સર્વિસ ઓથોરીટીના પેનલ એડવોકેટ તથા ઉપલેટા, ભાયાવદર, પાટણવાવ પોલીસ સ્ટેશનના પી.આઈ. તથા પોલીસ સ્ટાફનો સિંહ ફાળો રહેલ હોય જે બદલ અત્રેની કોર્ટ બન્ને ન્યાયાધીશ તથા રજીસ્ટ્રાર ધ્વારા જાહેર જનતા તથા કોર્ટ સ્ટાફ તથા પોલીસ સ્ટાફનો ખુબ ખુબ આભાર માને છે તેમજ ભવિષ્યમાં આવો સાથ-સહકાર મળી રહે તેવી આશા વ્યક્ત કરેલ.

# જામનગર શહેરમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી પર પોલીસની ધોંસ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં પોલીસે જુદા જુદા સ્થળેથી ઈંગ્લીશ દારૂની નાની મોટી ૧૨૫ બોટલનો જથ્થો પકડી પાડયો હતો.ગોકુલનગર વિસ્તારમાં સાયોના શેરી પાસેથી મોડી રાત્રે પોલીસે કારમાં દારૂની હેરાફેરી કરતા બે શખસોને પકડી પાડી દારૂ-કાર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વુલનમિલ પાછળ ડીફેન્સ કોલોનીમાં પોલીસે એક મહિલાના રહેણાંક મકાનમાં દરોડો પાડી દારૂના ૬૨ ચપલા કબજે કર્યા હતા.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર શહેરના સીટી સીના પીઆઈ આઈ.એ. ધાસુરાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડ નાઈટ પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળાએ પોલીસ ટીમને ગોકુલનગરના સાયોના શેરી પાસે એક કારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી મામલે બાતમી મળી હતી જે બાતમીના આધારે પોલીસ ટુકડીએ મોડી રાત્રે પોણા બે વાગ્યાના સુમારે ધસી જઈ વોચ ગોઠવી હતી.જે દરમિયાન પોલીસે એક કારને અટકાવી તેની તલાશી લેતા અંદરથી ઈંગ્લીશ દારૂની જુદા જુદા બ્રાન્ડની ૬૫ બોટલ મળી આવી હતી. આથી પોલીસે કાર સવાર કેયુર ઉર્ફે કયલો ગીરીશભાઈ ડોબરીયા(રે. ગોકુલ નગર-૪) અને ભાગ્યરાજસિંહ જીતેન્દ્રસિંહ રાયજાદા (રે. ગોકુલ નગર, સાયોના શેરી-૭)ને પકડી પાડયા હતા. પોલીસે ઈંગ્લીશ દારૂ ઉપરાંત કાર સહિત રૂા. ૮૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી બંને સામે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. જયારે શહેરના વુલનમિલ પાછળ ડિફેન્સ કોલોનીમાં એક મકાનમાં દારૂ સંદર્ભે બાતમીના આધારે સીટી સી પોલીસે મકાન નં. ૩૦૬માં દરોડો પાડી તલાશી લીધી હતી જે વેળાએ ત્યાં શિલાબેન ફ્રાન્સિસ ઉમેદસિંહ જાડેજાના રહેણાક મકાનમાંથી ઈંગ્લી. દારૂના ૬૨ ચપલા મળી આવ્યા હતા.આથી પોલીસે દારૂનો જથ્થો કબજે કરી આરોપી સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ટંકારામાં લૂંટના ગુનામાં છેલ્લા ૪ વર્ષથી ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્કવોડે દબોચી લીધો



ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ લુંટના ગુનામાં છેલ્લા ૪ વર્ષથી નાસતા ફરતા આરોપીને મોરબીની રવિરાજ ચોકડી ખાતેથી પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા પકડી લઈ આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી પેરોલ ફર્લો સ્કવોડના હેડ કોન્સે.જયેશભાઈ વાઘેલા, કોન્સે.બ્રિજેશભાઈ કાસુન્દ્રા તથા વિક્રમભાઈ રાઠોડને સંયુક્તમા ખાનગીરાહે હકિકત મળેલ કે, ટંકારા પોલીસ મથકમાં નોંધાયેલ લૂંટના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો આરોપી સહદાર માનસીંગ મીનાવા મધ્યપ્રદેશ વાળો હાલે મોરબી રવિરાજ ચોકડી ખાતે આવેલ હોવાની ચોકકસ હકીકત મળતા તુરંત ઉપરોક્ત જગ્યાએ તપાસ કરતા ત્યાં આરોપી શાહદર માનસિંહ મીનાવા ઉવ.૩૧ રહે. રહે.ગુરાડીયા(નરવાલી)તા.કુક્ષી જી.ધાર (મધ્યપ્રદેશ) વાળો મોરબી રવિરાજ ચોકડી ખાતેથી મળી આવતા તેને પકડી હસ્તગત કરી ટંકારા પોલીસ મથકમાં સોંપી આપેલ છે.

# મોરબીની સુધારાવાળી શેરીમાં મહિનાની એકી-બેકી તારીખો મુજબ પાર્કિંગનું જાહેરનામું પ્રસિદ્ધ

મોરબીના જુના બસ સ્ટેન્ડ નજીક સરદાર રોડ ઉપર આવેલ સુધારાવાળી શેરીમાં ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ(મોરબી નગરપાલિકા) છે. આ ઉપરાંત ૨ બેંક, સમાજવાડી, સ્કુલ અને જથ્થાબંધ સામાન વિક્રેતાઓની દુકાન આવેલી છે ત્યારે ત્યાં આવતા નાનાં-મોટા વાહનો રોડની બંને બાજુમાં અવ્યવસ્થિત પાર્કિંગ કરતા હોવાથી આગ અકસ્માત અને રેસ્ક્યુ કોલ સમયે ફાયર બ્રિગેડના વાહનોને જવામાં અવરોધ થતો હોવાના લીધે ફાયર વિભાગ દ્વારા એક તરફી વાહન રાખવા દરખાસ્ત મુકવામાં આવી હતી ત્યારે મોરબી જીલ્લા કલેક્ટર દ્વારા આ દરખાસ્તને મંજુર કરી વાહનોને માસની એકી બેકી તારીખ પ્રમાણે એક તરફી પાર્કિંગ કરવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. મોરબી શહેરમાં કે જીલ્લામાં આગ કે અકસ્માત સમયે ફાયર બ્રિગેડના વાહનોને જવામાં અવરોધ થાય અને ઘટના સ્થળે પહોંચવામાં વિલંબ થતો હોવાથી સુધારાવાળી શેરીમાં આવેલ ફાયર વિભાગ દ્વારા કરવામાં આવેલ દરખાસ્તને લઈ વન સાઈડ પાર્કિંગ સુવિધા કરવા અંગે જીલ્લા મેજિસ્ટ્રેટ કે.બી.ઝવેરી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

# સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીનીઓના પ્રશ્ને ABVPનું હલ્લાબોલ

## CCTV, ભોજન, આવારા તત્વોના ત્રાસ સહિતના પ્રશ્ને રજૂઆત સાથે ધરણા : પાંચ દિવસનું અલ્ટીમેટમ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીનીઓને ભોજન સહિતના પ્રશ્ને ભારે હાલાકી પડતા ગત સાંજે અખીલ ભારતીય વિદ્યાર્થી પરીષદના નેતૃત્વમાં ઉગ્ર રજૂઆત કરી હલ્લાબોલ કરવામાં આવ્યું હતું. પાંચ દિવસમાં પ્રશ્નો ઉકેલવા તાકીદ કરવામાં આવી છે.

રાજકોટની સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી ૯૦૦ જેટલી વિદ્યાર્થિનીઓને ભોજન, પીવાનું પાણી સહિતની અસુવિધાઓને લઈને ગત મોડી સાંજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ દ્વારા હોસ્ટેલ પર હલ્લાબોલ કરવામાં આવ્યો હતો. હોસ્ટેલમાં ૨ ડાઈનિંગ હોલ હોવા છતાં એક જ ડાઈનિંગ હોલમાં ૯૦૦ વિદ્યાર્થીનીઓને દોઢ કલાકમાં જ જમી લેવાની ફરજ પાડવામાં આવે છે તો ભોજનમાં અનેક વખત જીવાત નીકળે છે. પીવાનુ પાણી પણ પૂરતુ મળતુ નથી આ સાથે જ લિફટ પણ બંધ છે ઉપરાંત આ હોસ્ટેલ આસપાસ નો રસ્તો અવાવરૂં છે અને ત્યાંથી વિદ્યાર્થીનીઓ જાય તો ત્યાં આવારા તત્વોનો પણ ત્રાસ છે જેથી વિદ્યાર્થીઓની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરવામાં આવી હતી.



અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ઉગ્ર રજૂઆત કરીને પાંચ દિવસમાં વિદ્યાર્થીનીઓના તમામ પ્રશ્નો ઉકેલવા તાકીદ કરી છે. જો પ્રશ્નોનો યોગ્ય નિરાકરણ નહી આવે તો આંદોલનની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

સમરસ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિઓએ જણાવ્યું હતું કે, અમે સમરસ હોસ્ટેલમાં રહીએ છીએ પાણી પૂરતું આવતું નથી. ન્હાવા ગયા હોય તો પાણી પણ જતું રહે છે. ભોજનમાં અનેક વખત જીવાતો નીકળે છે. તેમ છતાં પણ અમારી સમસ્યાનું સોલ્યુશન થતું નથી. રજૂઆત કરવામાં આવે તો એડમિશન કેન્સલ કરી દેવાની ધમકી આપવામાં આવે છે. ભોજન શાળામાં રીવ્યુ બુક છે તેમાં પણ ગૂડ લખવાનું કહેવામાં આવે છે. શૌચાલયમાં લાઈટ હોતી નથી. એક વિંગમાં એક જ લિફ્ટ ચાલુ છે. બાકી બધી લિફ્ટ બંધ છે. ડાઈનિંગ હોલ પણ ટૂંકો પડે છે. ઘણી વખત બહેનોને પૂરૂં ભોજન પણ મળતું નથી બનાવની જાણ થતાં પોલીસ પહોંચી હતી. જો કે કોઈ માથાકુટ ન હોઈ માત્ર રજૂઆત કરવામાં આવી રહી હોઈ પોલીસને કોઈ કાર્યવાહીની જરૂર પડી નહોતી.

# મુખ્ય માર્ગો પર દબાણરૂપ ૫૫ રેંકડી-કેબિન, ૮૭ બોર્ડ, બેનર તથા પાથરણા જપ્ત કર્યા



રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ.૧૧/૦૯/૨૦૨૪ થી ૧૭/૦૯/૨૦૨૪ દરમ્યાન રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી–કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી–ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ–બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. કોઠારીયા સોલવન્ટ, કોઠારીયા મેઈન રોડ,મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી,જ્યુબેલી માર્કેટ, જામનગર રોડ, ગુંદાવાડી, ગાયત્રીનગર મેઈન રોડ પાસેથી રસ્તા પર નડતર રૂપ ૫૫ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી. કોઠારીયા સોલવન્ટ, કોઠારીયા મેઈન રોડ,જ્યોતિનગર,નાણાવટી થી જુદીજુદી અન્ય ૨૯૭ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી.

# સરસ્વતીનગરમાં એન્જિનિયરનો જંતુનાશક દવા પી લઈ આપઘાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટ શહેરમાં દિવસને દિવસે આર્થિક ભીંસ અને માનસિક બિમારી અને ત્રાસને કારણે આપઘાતના બનાવો બનતા હોય છે ત્યારે રાજકોટ શહેરમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા આંબેડકર નગરની સામે ફોચ્યૂર્ન હોટલ નજીક સરસ્વતીનગર શેરી નં.૧૮માં રહેતા સિવિલ એન્જીનિયરે પોતાના ઘરે જંતુનાશક દવા પી લઈ આપઘાત કરી લીધો હતો. તેમને ગિરીરાજ હોસ્પિટલે ખસેડવામાં આવતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

વધુ વિગતો મુજબ, ફોચ્યૂર્ન હોટલની પાછળ આવેલા સરસ્વતીનગર શેરી નં.૧૮માં રહેતા જીગ્નેશભાઈ સતિશભાઈ ઘેડીયા નામના ૨૭ વર્ષના યુવાને પોતાના ઘરે ખેતરમાં છાંટવાની જંતુનાશક દવા પી જતાં તેમને પરિવારજનોએ તુરંત ગીરીરાજ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબ ડો.દેવાંગ આંબલીયાએ જોઈ તપાસી જીગ્નેશને મૃત જાહેર કર્યો હતો. યુવાનના મોતથી પરિવારમાં અરેરાટી મચી ગઈ છે. યુવાન બે ભાઈમાં નાનો હોવાનું જાણવા મળ્યું છે તેમજ પોતે ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા બાલાજી હોલ નજીક કન્ટ્રકશનની ઓફિસમાં સિવિલ એન્જીનિયર તરીકે ફરજ બજાવતો હતો. તેમના નવેક મહિના પહેલા પત્ની સાથે અણબનાવ બનતા છુટછેડા થયા હતાં. યુવાનના મૃત્યુથી પરિવારમાં શોક છવાયો છે.

પોલીસમાંથી જાણવા મળ્યું હતું કે મૃતક જીગ્નેશભાઈને છેલ્લા પાંચેક વર્ષથી માથાના દુઃખાવાની બિમારી હતી તેની દવા કરાવ્યા છતાં પણ તેમને માથુ મટતું ન હોય જેથી આ પગલું ભરી લીધું હતું. આ અંગે તાલુકા પોલીસ મથકના પીએસઆઈ ઠાકર, કિરીટભાઈ રામાવત, ભગીરથસિંહ ખેર અને સ્ટાફે કાગળો કરી વધુ તપાસ શરૂ કરી હતી.

# ભગતસિંહ ગાર્ડન પાસેનાં કવાર્ટરો જર્જરીત બન્યાઃ રિ-ડેવલપમેન્ટ કરવાની માંગ

## અમુક કવાર્ટરોનાં નળ–વીજ જોડાણ પાલીકાએ કપાત કર્યાઃ ચડત હપ્તાઓનું વ્યાજ માફી કરી દસ્તાવેજ બનાવી આપવા રહેવાસીની માંગણી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દુધસાગર રોડ હાઉસીંગ બોર્ડના ડેરીલેન્ડ કોલોની, આકાશદીપ કવાર્ટસ અને આનંદનગરમાં હાઉસીંગ બોર્ડના કવાર્ટરો જર્જરીત થતાં મનપા તંત્રએ નોટીસ આપી સીલ કર્યા હતા જેમાં આનંદનગરમાં રિવોનેશનની ખાતરી મળતાં ફરી નળ-વીજ જોડાણ સ્થાપીત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ હાલ શહિદ ભગતસિંહ ગાર્ડન પાસેનાં ગૃહ નિર્માણ બોર્ડનાં કવાર્ટર જર્જરીત થતાં કોર્પોરેશન દ્વારા અમુક પડુ પડુ હાલતવાળા કવાર્ટરોનાં નળ વીજ જોડાણ કપાત કરી નાખ્યા છે.

ત્રણ માસ પહેલા આ પ્રકારની કાર્યવાહીમાં અમુક-કવાર્ટર ધારકો રિનોવેશન માટે સમય માંગી રીનોવેશન કરાવી નાખ્યુ છે. હાલ આ કવાર્ટરમાં વસતા રહીશોએ ચડત હપ્તાનું વ્યાજ માફ કરવા, રિ-ડેવલપમેન્ટ કરી તમામને દસ્તાવેજ કરી આપવા જયેન્દ્રસિંહ ચાવડા, રઘુવીરસિંહ વાઘેલા, ગીરીશભાઈ દેસાઈ, મીનુબેન પ્રજાપતિ સહીતનાંએ માંગણી ઉઠાવી છે.

આસામીઓના જણાવ્ય મુજબ વર્ષો પહેલા ગુજરાત રાજ્ય ગ્રામ્ય ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા અલગ અલગ બે ટાઈપનાં કુલ ૭૬૨ એલ.આઈ.સી. કવાર્ટરનું નિર્માણ કરી લાભાર્થીઓને ફાળવ્યા હતા જેમાં મોટાભાગે ૧૯૯૪-૯૫ માં લાભાર્થીઓએ વસવાટ શરૂ કર્યો હતો.ત્યારબાદ ગત ચાર-પાંચ વર્ષથી કવાર્ટરો જર્જરીત થતાં બોર્ડ સમક્ષ રી-ડેવલપમેન્ટની માંગ કરી હતી. ચાલુ વર્ષમાં મનપાએ જર્જરીત કવાર્ટર માલીકોને નોટીસ ફટકારી અમુક કવાર્ટરોમા વીજ નળ જોડાણ કપાત કરી નાખ્યા હતા.



આ બાબતે બોર્ડ, સાંસદ, મંત્રી, ધારાસભ્ય, કોર્પોરેશન, કલેકટર સમક્ષ રજુઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી નહિં આસામીઓને ન્યાય મળતો નથી બીજી તરફ રિ-ડેવલોપમેન્ટના અભાવે કવાર્ટરો વધુને વધુ જર્જરીત થયા છે. સરકાર તરફથી કોઈ મદદ નહી મળતા આસામીઓ દયાજનક પરિસ્થિતિમાં મુકાયા છે.

ત્રણ વર્ષથી લગાતાર મનપા તંત્ર નોટીસ આપી રહ્યું છે. અગાઉ ભૂકંપ સમયે પણ આ કવાર્ટરોનાં રીપેરીંગ માટે સહાય આપવા સરકારમાં રજુઆત કી હતી. રહીશોનાં જણાવ્યા પ્રમાણે રિ-ડેવલપમેન્ટની ફાઈલ મુકાઈ ગઈ છે. પરંતુ કોઈ કાર્યવાહી આગળ ધપતી નથી. જર્જરીત કવાર્ટરોમાં વસતા આસામીઓએ ચડત હપ્તાનું વ્યાજ માફ કરવા સાથે ૮૨ ડેવલપમેન્ટ કરાવી દસ્તાવેજ કરી આપવા બાબતે લાગતા વળગતા સંબંધીત વિભાગનાં અધિકારીઓ તાકીદે કાર્યવાહી કરે તેવી માંગણી જયેન્દ્રસિંહ ચાવડા, રઘુવીરસિંહ વાઘેલા, ગીરીશભાઈ દેસાઈ, મીનુબેન પ્રજાપતિ વગેરેએ ઉઠાવી છે. સાથે હાલ રિનોવેશન માટે પણ સરકાર તાકીદે સહાય ચુકવે તેવી આસામીઓમાથી માંગ ઉઠવા પામી છે.

# IRCTC તિરુપતિ સહિત દક્ષિણ ભારત યાત્રાની સ્પેશિયલ ટ્રેન દોડાવશે, યાત્રિકો પેકેજની રકમ EMIથી ચૂકવી શકશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (IRCTC) સમયાંતરે ભારત દર્શન યાત્રા માટેની સ્પેશિયલ ટ્રેન દોડાવવાનું આયોજન કરે છે. આગામી તારીખ ૧૭ ઓક્ટોબરે રાજકોટથી દક્ષિણ ભારત યાત્રાની સ્પેશિયલ ટ્રેન દોડાવવાનું આયોજન કરાયું છે. આ ટ્રેન તિરુપતિ બાલાજી મંદિર સહિતના પ્રસિદ્ધ યાત્રા સ્થળોની મુલાકાત કરાવશે. ૧૧ દિવસની આ યાત્રા કર્યા બાદ ૨૭મી ઓક્ટોબરે આ ટ્રેન રાજકોટ પરત ફરશે. અત્યાર સુધી યાત્રિકોએ પેકેજની પૂરી રકમ એડવાન્સમાં જ આપવી પડતી હતી પરંતુ યાત્રિકોની સગવડતા માટે હવે આઈઆરસીટીસી દ્વારા પેકેજની રકમ યાત્રિકો ઊખઈથી ચૂકવી શકે એવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

મુસાફરો પોતાની સગવડતા પ્રમાણે ૩ થી ૧૨ મહિના દરમિયાન સરળ હપ્તે પેકેજની રકમ ચૂકવી શકે છે પરંતુ આ સુવિધા ફક્ત ઓનલાઈન પેકેજ બુકિંગ કરનાર યાત્રિકો માટે જ છે.૧૭મી ઓક્ટોબરે પ્રસ્થાન કરનારી આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, વસઈ રોડ, કલ્યાણ, પુણે, સોલાપુરથી બેસી શકે છે. આ યાત્રા દરમિયાન ભારત ગૌરવ ટ્રેન દ્વારા તિરુપતિ બાલાજી, પદ્માવતી મંદિર, રામનાથ સ્વામી જ્યોતિર્લિંગ મંદિર, મીનાક્ષી મંદિર, કન્યાકુમારી અને પદ્મનાભસ્વામી મંદિરના દર્શન કરવાનો લાભ મળશે. ટૂર પેકેજમાં બુકિંગ શરૂ થઈ ગયું છે. IRCTCની વેબસાઈટ



(w.irctctourism.com) પર ઓનલાઈન બુકિંગ કરી શકાય છે.

મુસાફરોને ભજન કીર્તન અને મુસાફરીની માહિતી આપવા માટે ટ્રેનમાં ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. સુરક્ષા માટે દરેક કોચમાં પ્રાઈવેટ સુરક્ષા ગાર્ડ અને સીસીટીવી કેમેરા પણ ઉપલબ્ધ રહેશે. આ ટૂર પેકેજની કિંમતમાં, IRCTC મુસાફરોને ટ્રેનની મુસાફરી ઉપરાંત આધુનિક કિચન કાર દ્વારા મુસાફરોને તેમની સીટ પર જ શુદ્ધ શાકાહારી ભોજન પીરસવામાં આવશે, બસ દ્વારા પ્રવાસન સ્થળોની મુલાકાત, બજેટ હોટેલમાં રહેવાની વ્યવસ્થા, માર્ગદર્શિકા અને અકસ્માત વીમો વગેરે જેવી સુવિધાઓ પૂરી પાડશે.

# કણસાગરા મહિલા કોલેજના સમાજકાર્ય વિભાગ દ્વારા હરીપર-પાળ પ્રાથમિક શાળામાં મહિલા સુરક્ષા કાર્યક્રમ યોજવામાં આવ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શ્રીમતી કે.એસ.એન કણસાગરા મહિલા કોલેજના સમાજકાર્ય વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા હરીપર-પાળ ગામ ખાતે મહિલા સુરક્ષા અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.જેમાં સમાજકાર્ય વિભાગના ફિલ્ડ ઓફિસર પ્રો.ભવદીપભાઈ વી. ત્રિવેદીના માર્ગદર્શન અંતર્ગત વિદ્યાર્થીનીઓ દ્વારા લોધીકા તાલુકાના હરીપર-પાળ ગામમાં ખાતે ૧૮૧ અભયમ્ દ્વારા હરીપર-પાળ પ્રાથમિક શાળાના બાળકીઓમાં જાગૃતિ અને સુરક્ષાનાં હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામા આવેલું હતું. હાલના વર્તમાન સમયમાં વધતા જતા દુષ્કર્મો તથા મહિલા તસ્કરી જેવી ઘટનાઓ સામે આવી રહી છે. તેથી બાળકીઓ આવી ઘટનાઓનો ભોગ ન બને તે માટે તેઓને સશકત બનાવવાનો કાર્યક્રમનો હેતુ રહ્યો છે, જે કાર્યક્રમમાં ૧૮૧ અભયમ્ કાઉન્સેલર શ્રી વૈશાલીબેન ચૌહાણ દ્વારા અભયમની કામગીરી, કાયદાલક્ષી માહિતી, ગુડ ટચ - બેડ ટચ, બાળકીઓની સલામતી અંગે વિધાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં સમાજકાર્ય વિભાગની વિદ્યાર્થીની બહેનો પાંડે શિવાની, જોટાણીયા યોગિતા, શેરુકા અલ્ફિઝા, અંજારા પ્રિયંકા, શેખવા હર્ષા, કોટેચા ખુશી, સખીયા વિશ્વા, ચૌહાણ નેહા, બૌધ્ધિવંશ સંઘમિત્રા, બારડ કિંજલ, ઉત્સાહભેર જોડાયા હતા.



શ્રીમતિ કે.એસ.એન કણસાગરા મહિલા કોલેજના સેલ્ફ ફાઈનાન્સ આચાર્યશ્રી મનોજભાઈ વ્યાસ અને સમાજકાર્ય વિભાગ અધ્યક્ષ શ્રી ડો.નેહાબેન ચૌહાણ તેમજ ફિલ્ડ ઓફિસર પ્રો. ભવદીપભાઈ ત્રિવેદી તથા ગ્રામ સરપંચ હરીપર-પાળ ગામમાં મહિલા સરપંચ શ્રીમતિ ભારતીબેન પ્રભાતભાઈ વીરડા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી વિમલભાઈ આચાર્ય અને શાળાનાં સ્ટાફ દ્વારા સમાજકાર્યના વિદ્યાર્થીનીઓને કાર્યક્રમ બદલ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.


# લડાખ મેરેથોનમાં રાજકોટનો ડંકો વગાડતા રાજકોટ રનર્સ ગ્રુપના જાંબાઝો



દુનિયામાં સૌથી ઊંચાઈ પર યોજાતી લડાખ મેરેથોનમાં રાજકોટ રનર્સ ગ્રુપના ૧૪ સદસ્યોએ સફળતા મેળવી રાજકોટનું નામ રોશન કરી જુદી જુદી મેરેથોનમાં મેડલો મેળવ્યા હતાલદાખમાં હવા ખૂબ પાતળી હોય છે અહીં આફળિંયક્ષતિં પ્રમાણ પણ ઘણું ઓછું હોય છે જેમાં આ સાહસીકોએ મેરેથોનમાં ભાગ લઈ સ્પર્ધા જીતી હતી રનર્સ ગ્રુપના અપૂર્વભાઈ મહેતાએ ૧૧૨ કિલોમીટર સિલ્ક રૂટ ચેલેન્જમાં સફળતા મેળવી હતી અર્જુનસિંહ વાઢેર હર્ષ પારેખ અને ઝલકબેન વઘાસીયા એ ૭૨ કિલોમીટર ચેલેન્જ સફળતા પૂર્વક પૂરી કરી હતી તુષારભાઈ અને ભાવિનભાઈએ ૪૨ કિલોમીટર ફુલ મેરેથોનમાં ભાગ લીધો હતો જ્યારે રવિ ગણાત્રા ડોક્ટર આશિષ પંડ્યા નીતાબેન ચોટલા તૃપ્તિબેન વિરડા મિરલભાઈ ખાનપરા ડોક્ટર જયેશભાઈ મહેતા ડોક્ટર દિપ્તીબેન મહેતા શૈલેષભાઈ ગોટી અને વર્ષાબેન ગોટીએ ૨૧ કિલોમીટર હાફ મેરેથોન સફળતા પૂર્વક પૂરી કરી હતી આ તમામ ૧૪ સભ્યો મેડલના હકદાર બન્યા હતા

# કર્મજ્ઞાનને સમજી લેવામાં આવે તો જિંદગી સોના કરતા પણ વધુ કીમતી બની જાય : ડો. રાજીવ મિશ્રા

## કર્મજ્ઞાન પર યોજાતી નિશુલ્ક વ્યાખ્યા માળામાં આવતીકાલે મનને કઈ રીતે વશમા લેવું તેના પર સુંદર વક્તવ્ય ડો મિશ્રા દ્વારા અપાશે



**મુખ્ય સમાચાર,રાજકોટ**

કર્મજ્ઞાન ને સમજી જવામાં આવે તો વ્યક્તિ સોના પાછળ નહીં પરંતુ તે વ્યક્તિની જિંદગી પોતે જ સોના જેવી દેખાવા માંડે છે કર્મજ્ઞાન સમજેલા દરેક વ્યક્તિ માટે સુખ શાંતિ અને સંતુષ્ટી સોનાથી પણ વધુ કિંમતી બની જાય છે આ શબ્દો છે કર્મયોગી ડોરાજીવ મિશ્રાના દર બુધવારે તેમજ રવિવારે ઈવનિંગ પોસ્ટ જુબેલીબાગ પાસે સવારે૭.૪૦ થી ૮.૨૦કલાક દરમિયાન નિશુલ્ક યોજાતા કર્મજ્ઞાનના સેમિનારમાં આવતીકાલે ડો રાજીવ મિશ્રા દ્વારા મનને કઈ રીતે વશમાં કરી શકાય તે વિષય પર સુંદર વક્તવ્ય આપવામાં આવશે જેનો લાભ લેવા કર્મયોગ મંદિર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે વધુ વિગત તેમજ કર્મજ્ઞાનમાં જોડાવા ડો રાજીવ મિશ્રા વ્રફતિંફા નંબર ૮૫ ૧૧ ૮૨ ૯૦૦૨ નો સંપર્ક કરવો.

# આવતીકાલે કાલાવડ શહેર ભાજપ પ્રમુખ હસમુખભાઈ વોરાનો જન્મદિવસ



કાલાવડમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે બાળપણથી જોડાયેલા ચુસ્ત રાષ્ટ્રવાદી કાલાવડ શહેર ભાજપ પ્રમુખ હસમુખભાઈ બાબુલાલ વોરાનો આજે ૫૯ મો જન્મદિવસ છે. તેઓ ૪ ટર્મથી શહેર પ્રમુખ તરીકે કાર્યરત છે. ઉપરાંત અગાઉ ૩ ટર્મ તેઓ શહેર મહામંત્રી પણ રહી ચૂક્યા છે. તેઓએ પોતાની રાજકીય કારકિર્દી વર્ષ ૧૯૮૫ માં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે જોડાઈને શરૂ કરી હતી. તેમના સતત પ્રયત્નોથી કાલાવડમાં વિધાનસભા બેઠક તેમજ નગરપાલિકા ચૂંટણીઓમાં અનેકવાર ભાજપને જ્વલંત સફળતા સાંપડી છે. મો.૯૪૨૯૧૪૦૭૯૦

# LCB એ દારૂના ગુનામાં ફરાર આરોપીને દબોચી લીધો



ગત વર્ષ સુલતાનપુર પોલીસ મથકે દારૂનો ગુનો નોંધાયો હતો. જે ગુનામાં આરોપી ગોમારામ ઉર્ફે ઓમપ્રકાશ જગદીશરામ ચૌધરી (ઉ.વ.૨૪, રહે. જિ.બાડમેર, રાજસ્થાન) છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હતો. આ આરોપી ગોમટા ચોકડી નજીક આવ્યો હોવાની બાતમી મળતા વોચ ગોઠવી તેને રાજકોટ રૂરલ એલસીબીની ટીમે દબોચી લીધો હતો. આ કામગીરી એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરાના માર્ગદર્શનમાં એએસઆઈ રવિદેવભાઈ બારડ, રોહીતભાઈ બકોત્રા, વકારભાઈ અરબ, બાલકૃષ્ણ ત્રિવેદી, તથા પો.કોન્સ. મેહુલભાઈ સોનરાજ, પ્રકાશભાઈ પરમાર વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં ડેંગ્યું વધુ એક યુવાનને ભરખી ગયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**
શહેરમાં રોગચાળો માથું ઉંચકી રહ્યો છે. ડંગ્યુથી વધુ એક મોત થયું છે. સામા કાંઠે સેટેલાઈટ સોસાયટીમાં રહેતાં ૨૮ વર્ષના યુવાનને તાવ આવતો હોઈ કુવાડવા રોડ પરની હોસ્પિટલમાં ૧૯મીએ દાખલ કરાયો હતો. તેનો ડેંગ્યુનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. ગત સાંજે તબિયત બગડતાં અન્ય હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ જીવ બચ્યો નહોતો. કુવાડવા રોડની ખાનગી હોસ્પિટલના તબિબની બેદરકારીનો આક્ષેપ મૃતકના સ્વજનોએ કરતાં મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયુ છે.

જાણવા મળ્યા મુજબ સેટેલાઈટ ચોક સેટેલાઈટ સોસાયટી શેરી નં. ૧માં રહેતાં જય સુભાષભાઈ રેણપરા (ઉ.વ.૨૮)ને ગત સાંજે કુવાડવા રોડ ડી માર્ટ પાસેથી સ્કંદ લાઈફ કેર હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે વોકહાર્ટ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ રાતે સવા નવેક વાગ્યે તેનું મૃત્યુ નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ મારફત બી-ડિવીઝન પોલીસને થતાં એએસઆઈ એ. વી. બકુતરાએ કાર્યવાહી કરી હતી. જો કે પરિવારજનોએ સ્કંદ હોસ્પિટલના તબિબની બેદરકારીથી મૃત્યુ થયાનો આક્ષેપ કરતાં પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવા તજવીજ કરી હતી.

મૃત્યુ પામનાર જયભાઈ દોઢસો ફુટ રીંગ રોડ પર ઓટો કન્સલ્ટન્ટ તરીકે કામ કરતો હતો. તેના પિતા સુભાષભાઈ રેણપરા ઓટો પાર્ટસની દૂકાન ચલાવે છે. જયભાઈના પત્નિનું નામ પૂજાબેન છે અને સંતાનમાં ચાર મહિનાનો દિકરો છે. પરિવારજનોએ કહ્યું હતું કે કેટલાક દિવસથી જયભાઈને તાવ હોઈ સારવાર કરાવી હતી. ૧૯મીએ સ્કંદ હોસ્પિટલમાં દાખલ કરાયેલ. ત્યાં નિદાન થતાં ડેંગ્યુ પોઝિટીવ જાહેર થયો હતો.



સ્વજનોએ આક્ષેપ કર્યો હતો કે ડોક્ટર જાણ વગર બહાર જતાં રહ્યા હતાં અને સ્ટાફને પુછતાં તેઓ સોમવારે આવશે તેમ કહેવાયું હતું. એ દરમિયાન વોકહાર્ટના એક ડોકટરને જયભાઈની સારવાર માટે બોલાવાયા હતાં. ગત સાંજે તબિયત બગડતાં સ્કંદમાંથી વોકહાર્ટમાં લઈ જવાયેલ. પરંતુ જીવ બચ્યો નહોતો. પોલીસે આ બનાવમાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી વધુ તપાસ યથાવત રાખી છે. પરિવારજનોએ કુવાડવા રોડની હોસ્પિટલના જવાબદારો સામે રોષ ઠાલવ્યો હતો.

એ પણ નોંધનીય છે કે શહેરમાં રોગચાળો વધી રહ્યો છે અને ડેંગ્યુથી વધુ એક મૃત્યુ થયું છે. પોલીસ આકસ્મિક મૃત્યુની નોંધી કરી કાર્યવાહી કરે છે. પરંતુ બીજી તરફ આરોગ્ય તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેવો રોષ પ્રજાજનો વ્યક્ત કરી રહ્યા છે.

# ગોંડલમાં પતિ અને સાસરિયાઓના ત્રાસથી પરિણીતાએ ઝેર પી આપઘાત કર્યો

## પોલીસે સાસરિયાઓ સામે મરવા મજબુર કર્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર,ગોંડલ**
ગોંડલમાં પતિ સાસુ-સસરા, જેઠ જેઠાણી, નણંદ અને કાકાજી સસરાએ પરિણીતાને છૂટાછેડા માટે દબાણ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપતાં કંટાળી ગયેલી પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં ગોંડલ પોલીસે સાસરિયાઓ સામે મરવા મજબુર કર્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ મધ્યપ્રદેશના બુરહાનપુર પંથકમાં રહેતાં ક્રિષ્નાભાઈ મહીપતભાઈ સીરતુરે (ઉ.વ.૫૯ એ તેમની નાની પુત્રી કુસુમ ઉર્ફે કાજલને તેના પતિ નીરવ હિતેષ પડીયા, જેઠ અમિત, જેઠાણી શીતલબેન, નણંદ ભવિષાબેન, સસરા હિતેષ પડીયા, સાસુ નિલાબેન (રહે. તમામ નાગર શેરી, ગોંડલ) અને કાકાજી સસરા સુરેશ પડીયા (રહે. મહુવા)એ ત્રાસ આપી મરવા મજબુર કર્યા ફરિયાદ નોંધાવી છે. ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેમની દિકરી કુસુમબેનને તેના પતિ, જેઠ, જેઠાણી, નણંદ, સસરા અને તેના સાસુ તેમજ કાકાજી સસરા હેરાન કરતા હોવાનો તેમની દિકરીનો ફોન આવતો હતો. દિકરીને સાસરિયાઓ ખાવાનુ ન આપતા હોય તેમજ તેનો પતિ અવાર નવાર મારમારતો, જેઠ અમીત તેણીનો સામાન ઘરમાંથી બહાર ફેંકી દીધેલ તેમજ જેઠાણી, સાસુ અને નણંદ જે પણ રીસામણે રહેતા હોય તે બધા મેણાટોણા મારી ત્રાસ આપતા હતાં. સાસુ તેની સાથે સબંધ તોડી નાખવાનુ કહેતી અને તેના પતિને ચઢામણી કરતી હોય જેથી તેનો પતિ અવાર નવાર મારમારતો હતો.દરમિયાન છેલ્લાં એકાદ વર્ષથી તેમની પુત્રી અને જમાઈ અલગ ભાડાના મકાનમાં રહેવા જતા રહેલ હતાં.તેમની પુત્રીને પતિ રાશન લઈ આપતો નહિ અને તે તેના માતા પિતાના ઘરે જમીને ઘરે જતો હતો. દરમિયાન તેમની પુત્રીને ઘરેથી કાઢી મુકેલ તે અંગે ૧૮૧મા ફોન કરેલ હતો.

દરમિયાન કુસુમ ઉર્ફે કાજલનું મોત થતાં પાતાની દીકરીને સાસરિયાએ ત્રાસ આપી મરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાવતા ગોંડલ સીટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ગોંડલમાં જીવતા ૩ કારતુસ અને તમંચા સાથે ફરતો યુવાન પોલીસના હાથે ઝડપાયો

## હિસ્ટ્રીશીટર આરોપી, લૂંટ, મારામારી, દારૂ સહિત ચારેક ગુનામાં સંડોવાયેલ છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**
રાજકોટ જિલ્લા પોલીસ માટે ગોંડલ વિસ્તારમાં અતિ સંવેદનશીલ વિસ્તાર પૈકી એક છે. તેવામાં કોઈ ગંભીર ગુનાને અંજામ આપે તે પહેલાં જ એસઓજીની સતર્કતાથી ગોંડલમાં જીવતા ૩ કારતુસ અને તમંચા સાથે ફરતો જીત કણસાગરા દબોચાયો છે. સુરત રહેતો આરોપી મૂળ ગીર સોમનાથના બામણા (સાસણગીર)નો વતની છે. ગોંડલના શખ્સે હથિયાર આપ્યાનું રટણ કરે છે. ૨૦ વર્ષીય જીત હિસ્ટ્રીશીટર આરોપી છે. તે લૂંટ, મારામારી, દારૂ સહિત ચારેક ગુનામ સંડોવાયેલ છે. ગોંડલમાં ક્યાં ઈરાદે આવ્યો હતો? તેની તપાસ પોલીસ કરી રહી છે

બનાવની વિગત એવી છે કે, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, જિલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડએ ગેરકાયદે હથિયાર રાખી ફરતા આરોપીઓ સામે કાયદેસર કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જે અનુસંધાને એસઓજી પીઆઈ પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.સી. મિયાત્રાની રાહબરીમાં ટીમ ગોંડલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, ગોંડલમાં આવેલો શ્રી હોટલ સામે સુરતનો હિસ્ટ્રીશીટર આરોપી જીતકુમાર જગદીશ કણસાગરા (ઉં. વ.૨૦, રહે. ગંગાસાગર એપાર્ટમેન્ટ વન્ડરફુલ સ્કૂલની બાજુમાં, કુબેરનગર સોસાયટી, લંબે હનુમાન રોડ, વરાછા, સુરત : મુળ ગામ બામણા (સાસણગીર) તા.તાલાળા, જિ. ગીર સોમનાથ) ગેરકાયદે હથિયાર સાથે ઉભો છે. તુરંત જ વોચ ગોઠવી આરોપીને દબોચી કારતૂસ અને તમંચો કબ્જે કરી ગોંડલ સિટી બી. ડિવિઝન પોલીસ મથકે ગુનો દાખલ કરાયો હતો. પૂછપરછમાં ગોંડલના જ એક શખ્સે હથિયાર આપ્યાનું રટણ કરી રહ્યો છે.પણ સત્ય શુ છે તે પોલીસ તપાસી રહી છે. પોલીસ સૂત્રોએ કહ્યું કે, હજુ થોડા સમય પહેલા જ જીત ગોંડલ આવ્યો છે. અહીં તે કોઈ જગ્યાએ કામ પણ કરે છે. પણ ગોંડલ આવી હથિયાર સાથે ફરવાનો તેનો ઈરાદો શું હતો.? તેની તપાસ હાથ ધરવામાં આવી છે.આ કામગીરી પીઆઈ એફ.એ.પારગી, પીએસઆઈ બી.સી.મિયાત્રા, એ.એસ.આઇ જયવીરસિંહ રાણા, અતુલભાઈ ડાભી, સંજયભાઈ નીરંજની, અમીતભાઈ કનેરીયા, ઈન્દ્રસિંહ જાડેજા, હેડ.કોન્સ. વિજયભાઈ



વેગડ, હિતેશભાઈ અગ્રાવત, અરવિંદભાઈ દાફડા, ભગીરથસિંહ જાડેજા, કોન્સ. વિજયગીરી ગોસ્વામી, શીવરાજભાઈ ખાચર, ચિરાગભાઈ કોઠીવાર, રઘુભાઈ ઘેડ, અમુભાઈ વિરડા, નરશીભાઈ બાવળીયા વગેરે દ્વારા કરવામાં આવી હતી.

# વોર્ડમાંથી સ્ટ્રેચરમાં નાંખી પોસ્ટમોર્ટમ રૂમ પાસે રઝળતા મુકી દેવાયેલા વૃધ્ધાએ સારવાર દરમિયાન દમ તોડી દીધો

## પીડીયુ સિવિલ હોસ્પિટલમાં પાંચમીએ રાતે દાખલ કરાયેલા વૃધ્ધાની સંભાળ લેવા છટ્ઠીએ હેલ્પ ડેસ્કની ટીમ પહોંચી ત્યારે તે ગાયબ હતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**
શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલ ગત પાંચમી સપ્ટેમ્બરની રાતે ગોકુલધામ નજીક ડાલીબાઈ છાત્રાલય સામેના આરએમસી ક્વાર્ટર ખાતેથી વર્ષાબેન ભાસ્કર નામના વૃધ્ધાને હાથમાં સડાની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતાં તેમને સર્જીકલ વોર્ડમાં દાખલ કરાયા હતાં. દર્દી સાથે કોઈ ન હોઈ હેલ્પ ડેસ્કની ટીમ દ્વારા રાતે દસ પહેલા દાખલ કરાયા હતાં. પરંતુ બીજા દિવસે સવારે હેલ્પ ડેસ્કની ટીમ વોર્ડમાં આ દર્દીની સંભાળ લેવા પહોંચી ત્યારે આર્શ્ચય વચ્ચે આ વૃધ્ધા ગાયબ હતાં. આ વૃધ્ધાની તપાસ થતાં તેઓ પોસ્ટમોર્ટમ રૂમ પાસે સ્ટ્રેચરમાં સુતેલા મળી આવ્યા હતાં. તપાસ થતાં બે તબિબોએ સારવાર ન કરવી પડી તે માટે આ રીતે વોર્ડમાંથી બહાર રઝળતા મુકી દીધાનું ખુલતાં બંને સામે આકરી કાર્યવાહી થઈ હતી. દરમિયાન આ વૃધ્ધાનું સારવાર દરમિયાન મોત થયું છે.

વોર્ડમાંથી વૃધ્ધા વર્ષાબેન ગાયબ થઈ જતાં હેલ્પ ડેસ્કની ટીમે તપાસ કરતાં તેમને નર્સિંગ સ્ટાફ દ્વારા જાણ થઈ હતી કે એક અજાણ્યા વૃધ્ધા પોસ્ટ મોર્ટમ રૂમ પાસે સ્ટ્રેચરમાં સુતેલા છે. આથી ટીમ ત્યાં પહોંચતા આ વૃધ્ધા આગલી રાતે દાખલ કરાયેલા વર્ષાબેન ભાસ્કર હોવાનું જણાતા તેમને ફરીથી વોર્ડમાં દાખલ કરી સારવાર કરવામાં આવ્યા હતાં. વૃધ્ધાને સર્જીકલ વોર્ડમાંથી પોસ્ટમોર્ટમ રૂમ સુધી સ્ટ્રેચરમાં નાંખીને કોણ મુકી ગયું? આ ઘટનાને ગંભીર ગણી તબિબી અધિક્ષક ડો. મોનાલી માકડીયા દ્વારા તપાસ સમિતીની રચના કરવામાં આવી હતી. એ દરમિયાન બે ડોક્ટરની જવાબદારી સામે



આવતાં સપ્સેન્શન સહિતના આકરા પગલા લેવાયા હતાં.

બીજી તરફ વર્ષાબેન ભાસ્કરભાઈ શાહ (ઉ.વ.૭૦)ને ફરી દાખલ કરાયા હોઈ તબિબે એમએલસી કેસ-પોલીસ કેસ જાહેર કર્યો હતો. સારવાર શરૂ થતાં વૃધ્ધાની તબિયત સ્વસ્થ થઈ હતી અને મુંબઈ રહેતાં દિકરા દીપભાઈના નંબર આપતાં હેલ્પડેસ્ક ટીમે તેમને રાજકોટ બોલાવ્યા હતાં. સારવાર દરમિયાન વર્ષાબેનનું મોત થતાં પુત્ર શોકમાં ગરક થઈ ગયા હતાં. વર્ષાબેનને સંતાનમાં એક જ દિકરો છે જે મુંબઈ રહે છે. પતિ પણ વર્ષોથી અલગ રહેતાં હોઈ પોતે એકલા રહેતાં હતાં. સામાજીક કાર્યકર રમણીકભાઈ પરમારે દીપભાઈની સાથે રહી વર્ષાબેનની અંતિમવિધી કરવામાં મદદ કરી હતી.

# પોપટપરા પાસે ચાલતા જુગારધામ પર ત્રાટક્તી પોલીસઃ ૯ શકુનીઓ ઝડપાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**
શહેરના પોપટપરા પાસેના કૃષ્ણનગરમાં ચાલતા જુગારધામ પર ક્રાઈમબ્રાંચે દરોડો પાડી નામચીન સહિત ૯ શખ્સને ઝડપી લઇ તેની પાસેથી રૂ.૧.૩૦ લાખની રોકડ સહિતની મતા કબજે કરી તપાસ કરતા નામચીન એકાદ માસથી જુગારધામ ચલાવતો હોવાનું બહાર આવ્યું હતું.



પોપટપરા પાસેના કૃષ્ણનગરમાં નામચીન મોહસીન મોટાણી જુગારધામ ચલાવતો હોવાની માહિતીને આધારે પીઆઈ ગોંડલિયાની સૂચનાથી પીએસઆઇ ગરચર સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતો મોહસીન સલીમભાઈ મોટાણી (રહે. પરસાણાનગર), મજીદ જુસબભાઈ દલવાણી (રહે.જંકશન પ્લોટ), ગફાર નુરમહમદભાઈ સુધાગુનિયા (રહે.પોપટપરા), અફઝલ ઉર્ફે સદામ અહેમદભાઈ દલવાણી (રહે. પોપટપરા), રહીમ હાસમભાઈ સૈયદ (રહે. સંજયનગર), હાજી ઈસ્માઈલભાઈ જુણેજા (રહે. ખોડિયારનગર), ચિરાગ મહેશભાઈ ચૌહાણ (રહે. રૂખડિયાપરા), સુલેમાન ઉર્ફે ડાડો અબ્દુલભાઈ પલેજા (રહે.રૂખડિયાપરા કવાર્ટર), હિતેષ અશોકભાઈ દરિયાણી (રહે. પરસાણાનગર)ને ઝડપી લઈ તેની પાસેથી રૂ.૧.૩૦ લાખની રોકડ સહિતની મતા કબજે કરી વધુ કાર્યવાહી કરી હતી. પોલીસની તપાસમાં પરસાણાનગરમાં રહેતો અને ડિસ કનેક્શનનો ધંધો કરતો મોહસીન મોટાણી એક ડઝનથી વધુ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો હોવાનું અને તાજેતરમાં ત્રિકોણબાગ પાસેના એવરેસ્ટ બિલ્ડિંગમાં ચાલતી ક્લબમાં પણ પકડાયો હોય અને તેમા ક્રાઈમબ્રાંચના એક જમાદારનું નામ અંગે પણ વિવાદ થયો હોવાનું બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.

# તરૂણી પર સામૂહિક દુષ્કર્મમાં અમરેલીના ૫ આરોપીઓને આજીવન કેદની સજા

## તરૂણીને ધમકી આપી, સામૂહિક બળાત્કાર ગુજારી ગર્ભ રાખી દઈ તથા અશ્લીલ વીડિયો ક્લિપ ઉતારી ફોટા પાડી લેતા ફરિયાદ નોંધાઇ હતી

**મુખ્ય સમાચાર,અમરેલી**
અમરેલીમાં રહેતા પાંચ જેટલાં શખ્સોએ આશરે પાંચ વર્ષ પહેલાં એક તરૂણીને ધમકી આપી અવાર નવાર પીછો કરી તરૂણી ઉપર સામૂહિક બળાત્કાર કરી દોઢ માસનો ગર્ભ રાખી દઈ તથાઅશ્લીલ વીડિયો ક્લિપ ઉતારી તથા ફોટા પણ પાડી લીધા હતાં. આ કેસ અત્રેની સ્પે.પોક્સો કોર્ટમાં ચાલી જતાં પાંચેય આરોપીઓને જીવે ત્યાં સુધી આજીવન કારાવાસની સજા ફટકારાઈ છે.

આ ચકચારી બનાવમાં અમરેલીમાં રહેતા આરોપી ઈમરાન ઉર્ફે ઈમુ હનીફસૈયદ કાદરી તે (કિશન ચંદુભાઈ સોલંકી), યાહીયા ઉર્ફે આયન યુનુસભાઈ લુલાણીયા, જાવેદ ઉર્ફે જીવલો મજીદભાઈ પઠાણ, (ખલીફા), અસગર સબીરભાઈ મજેઠીયા (ખલીફા) તથા અરબાઝ ઉર્ફે અબુ દિલવરભાઈ હુસેનભાઈ ભટ્ટી સહિત પાંચ જેટલાં શખ્સોએ આશરે પાંચ વર્ષ પહેલાં ગત તા.૧-૪-૧૯ થી તા. ૨૦-૬-૧૯ સુધીના સમયગાળા દરમિયાન એક ૧૪ વર્ષીય તરૂણીની અપરિપક્તાનો લાભ લઈ તેણીને ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી અવાર નવાર પીછો કરી તરૂણી ઉપર સામુહિક બળાત્કાર કરી દોઢ માસનો ગર્ભ રાખી દઈ તથા તરૂણીનો અશ્લીલ વીડિયો ક્લિપ ઉતારી તથા ફોટા પાડી લીધા હતાં. આ ચકચારી બનાવ અંગે અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી આરોપીની અટકાયત કરી હતી. આ અંગેદલીલોને કોર્ટે માન્ય રાખી સ્પે.જજ ડી.એસ.શ્રીવાસ્તવ દ્વારા પાંચેય આરોપીને કસુરવાર ઠરાવી આજીવન કારાવાસ (કુદરતી જિંદગી સુધી) તથા રૂપિયા ૩૦,૦૦ ના દંડની સજાનો હુકમ કર્યો છે.

# શાપરમાં પોલીસમેન પર ૪ શખ્સનો છરીથી હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**
રાજકોટ જિલ્લાના શાપર-વેરાવળમાં પારડી પાસે શિતળા માતાના મંદિર પાસે રહેતા પોલીસમેન પર અહીં કેમ ઉભો છે. કહી વિસ્તારમાં જ રહેતા ચાર શખ્સોએ છરી વડે હુમલો કરતા તેને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. બનાવને પગલે પોલીસે તપાસ કરી સીસીટીવીના આધારે તપાસ કરી આરોપીઓને પકડી લેવા મથામણ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ શાપર વેરાવળમાં શિતળા માતાના મંદિર પાસે રહેતા અને વડોદરા પોલીસમેન તરીકે ફરજ બજાવતા પરેશભાઈ રમેશભાઈ રાઠોડ (ઉ.વ.૨૬) ગુરૂવારે રાત્રીના તેના ઘર પાસે ઊભા હતા તે દરમિયાન તેના વિસ્તારમાં રહેતો બાલો અને ત્રણ અજાણ્યા શખ્સોએ ધસી આવી અહીં કેમ ઊભો છે કહી ઝઘડો કરી છરી વડે હુમલો કરતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા



હતા. બનાવને પગલે શાપર પોલીસ મથકના જમાદાર રવીરાજસિંહ સહિતના સ્ટાફે તપાસ કરતા વડોદરા ફરજ બજાવતા પોલીસમેન રજા પર વતન આવ્યા હતા.

રાત્રીના ઘર પાસે ઉભા હતા તે દરમ્યાન એક શખ્સ બાઈક લઈને આવ્યો હતો અને અહીં કેમ ઉભો છે કહી ગાળો આપતા તેને ગાળો આપવાની ના પાડતા તેણે અન્ય ત્રણને બોલાવી હુમલો કર્યો હોવાનું જણાવતા પોલીસે સીસીટીવીના આધારે તપાસ કરી આરોપીઓને પકડી લેવા મથામણ કરી હતી.

જ્યારે અન્ય એક બનાવમાં શાપર વેરાવળમાં કિશાન પંપ પાસે સરદાર હાઈટ્સમાં રહેતા અને ગેરેજ ચલાવતા યતિનભાઈ કાંતીભાઈ મારડીયા (ઉ.વ.૩૨) તેના એપાર્ટમેન્ટના પાર્કિંગમાં હતા ત્યારે તેના એપાર્ટમેન્ટમાં જ રહેતા સુધિરભાઈ અને પુનમબેન સહિતના શખ્સોએ ઝઘડો કરી ધોકા પાઈપ વડે હુમલો કરતા તેને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવને પગલે શાપર પોલીસે તપાસ કરતા યતિનભાઈએ જણાવ્યું હતું કે તે એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે ભાડેથી રહેતો હોય અને તે જ એપાર્ટમેન્ટમાં રહેતા રહેવાસીઓને તે ગમતુ ન હોય જેથી અવારનવાર રહેવાસીઓ ઝઘડો કરતા હોવાનું જણાવ્યું હતું.

# મંજૂરી વગર ધો.૯-૧૦ના વર્ગ ચલાવતી મધુવન શાળામાં DEOના દરોડા

## રજૂઆત મળતા ST વર્કશોપ નજીક ખોડિયાર નગરમાં ટીમ ત્રાટકીઃ શંકાસ્પદ દસ્તાવેજો જપ્ત કરાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**
રાજકોટ જિલ્લાના પીપળીયામાં તાજેતરમાં બોગસ શાળા પકડાઈ હતી ત્યારે ગોંડલ રોડ પર એસ.ટી.વર્કશોપ પાછળ આવેલ ખોડીયારનગરમાં મંજુરી વગર ધો.૯ અને ૧૦ના વર્ગ ચલાવતી મધુવન શાળા સામે અરજી થતાં રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વહેલી સવારે દરોડા પાડવામાં આવ્યા હતાં. તપાસ દરમ્યાન શંકાસ્પદ જણાતા દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે.

આ અંગે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં જાગૃત નાગરિક દ્વારા અરજી કરવામાં આવી હતી. અરજીમાં રાવ કરવામાં આવી હતી કે શહેરના ગોંડલ રોડ ઉપર એસ.ટી.વર્કશોપ પાછળ આવેલ ખોડીયારનગરમાં મસ્જીદની બાજીમાં આવેલ મધુવન શાળામાં ધો.૧ થી ૮ના વર્ગોની મંજુરી છે. જ્યારે ધો.૯ અને ૧૦ ના વર્ગોની મંજુરી નહી હોવા છતા પણ ધો.૯ અને ૧૦ના વર્ગો ચલાવવામાં આવી રહ્યાં છે અને છેલ્લા ૧૦ વર્ષથી આ શાળામાં મંજુરી વગર ધો.૯ અને ૧૦ના વર્ગો ચલાવી હજારો વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડા કરવામાં આવી રહ્યાં છે.




વધુમાં અરજીમાં જણાવ્યું હતું કે મંજુરી વગર ચાલતા વર્ગોની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને અન્ય શાળાના પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે જેના આધાર પુરાવા પણ વાલીઓ પાસે છે. ઉપરાંત એનઓસી વગર છાત્રાને ભણાવી જાય જોખમમાં મુકી રહ્યાં છે તેવી ડીઈઓ અને ગાંધીનગર સુધી અરજી થતાં ખળભળાટ મચી ગયો હતો. ઉપરોક્ત શાળા બાબતે ડીઈઓ અને ઉચ્ચ કક્ષાએ અરજી થતાં આજે વહેલી સવારે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ ત્રાટકી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે અરજીમાં કરવામાં આવેલી રાવ મુજબ દસ્તાવેજો અને પ્રમાણપત્રો સહિતના કાગળીયાઓ તપાસ કરવામાં આવી રહ્યાં છે તેમજ શંકાસ્પદ જણાતા દસ્તાવેજો પણ કબજે કરવામાં આવ્યા છે. આ અંગે ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી દિક્ષીત પટેલે જણાવ્યું હતું કે તપાસ ચાલી રહી છે અને દસ્તાવેજો કબજે કરવામાં આવ્યો છે અને સમગ્ર તપાસનો અહેવાલ છે ક ગાંધીનગર સુધી રજુ કરવામાં આવશે.

# ફુલઝર ગામની મારામારીમાં સહિયારા કુવા માટે પણ વિવાદ ચાલતો હતો : સામી ફરિયાદ નોંધાઈ

## ગઈકાલે રાજેશ ડેરવાળીયાએ કુટુંબની બે મહિલા સહિત પાંચ સામે ગુનો નોંધાવ્યા બાદ હંસાબેન ડેરવાળીયાએ દેરાણી સહિત ત્રણ સામે એફઆઈઆર નોંધાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**
ફુલઝર ગામની મારામારીમાં સહિયારા કુવા માટે પણ વિવાદ ચાલતો હતો. ગઈકાલે રસ્તા બાબતે માર માર્યો હોવાનો ગુનો દાખલ થયેલો. તેમાં હવે સામી ફરિયાદ નોંધાઈ છે. અગાઉ રાજેશ ડેરવાળીયાએ કુટુંબની બે મહિલા સહિત પાંચ સામે ગુનો નોંધાવ્યા હતો. તે બાદ હંસાબેન ડેરવાળીયાએ દેરાણી સહિત ત્રણ સામે એફઆઈઆર નોંધાવી છે.

હંસાબેન મનસુખભાઈ ડેરવાળીયા ઉ.વ-૪૫, રહે.ફુલઝર ગામ(લાલાવદરના રસ્તાવાળી સીમ) તા. વિંછીયા, હાલ રહે. ગુંદાસસ ગામ (રમેશભાઈ ચૌહાણ) ના મકાનમાં તા. ગોંડલ)એ જણાવ્યું કે, મારે સંતાનમાં બે દીકરા તથા એક દીકરી છે. સૌથી મોટો અશ્વિન છે. એનાથી નાની વર્ષાબેન છે. એનાથી નાનો કલ્પેશ છે. ગઈ તા. ૧૮/૯/૨૦૨૪ ના સવારના નવેક વાગ્યે હું મારી વાડીએ હાજર હોય અને મારા દિકરાની વહુ મનિષાબેન ઢોરની નીરણ કરતા હોય આ વખતે મારી દેરાણી રંભાબેન અજુભાઈ ત્યાં આવેલ અને અમારી સાથે બોલાચાલી અને માથાકુટ કરવા લાગેલ અને મને કહેવા લાગેલ કે, તારા દિકરાની વહુ અમારી સામે બહું બોલે છે.

અપશબ્દો કહેવા લાગેલ. બોલવાની ના પાડતા આ મારી દેરાણી એકદમ ઉશ્કેરાઈ જઈ મને ધક્કો મારી પાડી દીધેલ. સામસામી ઝપાઝપી થઈ ત્યાં મારા દીયર અજુભાઈ આવી ગયેલ અને આ વખતે મારા ઘરવાળા મનસુખભાઈ




પણ આવી ગયેલ અને પાછળથી મારા દિયરનો દીકરો ઘનશ્યામ ઉર્ફે રાજેશ આવી ગયેલ. લાકડાના ધોકાથી મારા પતિને મારવા જતા આડો હાથ રાખતા તેઓને કપાળના ભાગે વાગી ગયેલ. ઘનશ્યામે પાવડાનો હાથો મને માથાના ભાગે માર્યો હતો.

ત્યાં ગામના ભુપતભાઈ મકવાણા આવી જતા ઝઘડો કરતા અટકાવેલ. મને તથા મારા પતિને ઈજા થયેલ હોય જેથી મારો દિકરો કલ્પેશ તેની ઈક્કો ગાડીમાં જસદણ સરકારી હોસ્પિટલમાં લઈ આવ્યો હતો. આ બનાવનું કારણ એ છે કે, અમારે વાડીના રસ્તાનો તથા અમારા સહિયારા કુવાનો વાંધો ચાલતો હોય તે અંગેનું મનદુઃખ તથા ખાર રાખી આરોપીઓએ ઝઘડો કર્યો હતો.